ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૭૦ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો સુદ ૦૯ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 70 • Dt. 11-10-2024 Friday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.09

કાયદાકીય મુશ્કેલીમાં ફસાઈ અભિનેત્રી શિલ્પા શેટ્ટી, કોર્ટમાં કેસ નોંધાયો

P.09

ઇન્ડસ્ટ્રીમાં બહારના લોકો સાથે ભેદભાવ થાય છે : રાધિકા મદાન



રતનટાટાના અંતિમ સંસ્કાર રાજકીય સમ્માન સાથે વર્લીના સ્મશાન ગૃહમાં કરવામાં આવ્યા

09




**11**
OCTOBER- 2024
FRIDAY



09

ઈઝરાયેલના આતંકને કારણે આખું શહેર નિર્જન થઈ ગયું । ૭ લાખ લોકોએ ઘર છોડ્યું

**ચાલુ ગરબા દરમિયાન ફાયરિંગની ચકચારી ઘટના બની**

**સામાન્ય મુદ્દાને લઈને બે જૂથ વચ્ચે બબાલ બાદ મારામારી । સવારે ૬:૧૫ કલાકે ૨ જૂથ વચ્ચે ચાલુ ગરબામાં માથાકૂટ બાદ અજાણ્યા શખ્શે હવામાં ફાયરિંગ કર્યું । ગરબા દરમિયાન કાયદો વ્યવસ્થા જાળવવામાં પોલીસની નિષ્ફળતા દેખાઈ**

# અમદાવાદના પ્રખ્યાત મંડળી ગરબામાં ફાયરિંગ

## મંડળી ગરબામાં મોડી રાત્રે બે જૂથ વચ્ચે ઝઘડો અને મારામારી થઈ । ૭૦ જેટલા શખ્સોએ ૧૦ યુવકોને માર માર્યો । સમગ્ર ઘટનાને લઈને શહેરમાં ખળભળાટ મચ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ ।

નવરાત્રિમાં અસામાજિક તત્વોને ખુલ્લો દોર મળી ગયો હોય તેમ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાનું ઉલ્લંઘન કરી રહ્યાં છે. ગરબા દરમિયાન કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. તો બીજી તરફ, ગરબા દરમિયાન કાયદો વ્યવસ્થા જાળવવામાં પોલીસની નિષ્ફળતા દેખાઈ રહી છે. અમદાવાદ શહેરમાં પ્રખ્યાત મંડળી ગરબામાં ચાલુ ગરબા દરમિયાન ફાયરિંગની ચકચારી ઘટના બની છે. ઓગણજના મંડળી ગરબામાં ફાયરિંગ થયું છે. સવારે ૬:૧૫ કલાકે ૨ જૂથ વચ્ચે ચાલુ ગરબામાં માથાકૂટ બાદ અજાણ્યા શખ્શે હવામાં ફાયરિંગ કર્યું હતું. જોકે, બીજી તરફ, હજુ પણ અમદાવાદ પ ોલીસ બનાવ સ્થળની હદ નક્કી કરવામાં વ્યસ્ત ચે.

અમદાવાદમાં ગરબા દરમિયાન કાયદો વ્યવસ્થા જાળવવામાં પોલીસની નિષ્ફળતા જોવા મળી છે. શહેરમાં ચાલુ ગરબા દરમિયાન ફાયરિંગ થયું છે. ઓગણજના ફેમસ મંડળી ગરબામાં સવારે ૬:૧૫ કલાકે ૨ જૂથ વચ્ચે ચાલુ ગરબામાં માથાકૂટ બાદ અજાણ્યા શખ્સે હવામાં ફાયરિંગ કર્યું હતું.



### મંડળીમાં અવાર નવાર બબાલો થાય છે છતા પોલીસ પગલા ભરતી નથી

સુત્રોના જણાવ્યા અનુસાર મંડળી ગરબામાં મોડી રાત્રે બે જૂથ વચ્ચે ઝઘડો અને મારમારી થઈ હતી. જેમાં ૭૦ જેટલા શખ્સોએ ૧૦ યુવકોને માર માર્યો હતો. સિક્યુરિટી ગાર્ડે એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જે બાદ વિવાદ ઉગ્ર બન્યો હતો. ઘટનાને પગલે સોલા પોલીસે સ્થળે પહોંચી સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના એક પીઆઈ સાથે મંડળીના આયોજક સાથે છે સારા સબંધ છે. મંડળીના આ જ આયોજક સૌરાષ્ટ્રના એક ધારાસભ્યના નજીકનો સંબંધી છે. મંડળીમાં અવાર નવાર બબાલો થાય છે, છતાં સોલા પોલીસ આયોજકો સામે કોઈ કાર્યવાહી કરતી નથી તેવી ચર્ચાઓ વહેતી થઈ છે.

**મૃતકના પરિવારજનોએ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો**

# ખભાતમાં વ્યાજખોરોના ત્રાસથી યુવકે આપઘાત કરી લેતા ચકચાર

**યુવકે વ્યાજના રૂપિયા ચૂકવી દીધા હતા તેમ છત્તા તેની પાસેથી વ્યાજ લેવાતું હોવાનો આક્ષેપ**

। પ્રતિનિધિ, આણંદ, તા.૧૦ ।

આણંદના ખંભાતના નાના કલોદરામાં વ્યાજખોરોનો ત્રાસના કારણે એક યુવકે ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો છે,પ ોલીસે ફરિયાદ ના નોંધતા પરિવારજનોએ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો.યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરતા પોલીસે તપાસ પણ કરી નથી તેવો પરિવારજનોનો આક્ષેપ છે.યુવકનો મૃતદેહ સ્વીકારવાનો પ રિવારજનોએ ઈનકાર કર્યો છે.

આણંદના ખંભાતના નાના કલોદરામાં વ્યાજખોરોના ત્રાસથી યુવકે આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે.યુવકે વ્યાજના રૂપિયા ચૂકવી દીધા હતા તેમ છત્તા તેની પાસેથી વ્યાજ લેવાતું હતુ તેવો આક્ષેપ પ રિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે,પ ોલીસ સ્ટેશનમાં પરિવારજનોના ટોળેટોળા ઉમટી પડયા હતા અને માંગ કરી છે કે વ્યાજખોરોને ઝડપી લાવો પણ પોલીસે હજી એક પણ વ્યાજખોરની ધરપકડ કરી નથી.પોલીસે ફરિયાદ નોંધી નથી જેને લઈ પરિવારનો ગુસ્સો વધતો જાય છે.મૃતક યુવક પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી.







### ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા

# વલસાડના ઉમરગામ જીઆઇડીસીમાં ૨૫ કરોડના એમડી ડ્રગ્સનો કેસ, આરોપીઓના રિમાન્ડ મંજૂર

**કારખાનામાં ૨૫ કરોડથી વધુ કિંમતના ૧૭.૩૩૦ કિલો એમડી ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતુ**

। પ્રતિનિધિ,વલસાડ,તા.૧૦ ।

વલસાડના ઉમરગામ જીઆઇડીસીમાં એમડી ડ્રગ્સ બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા છે. કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જીઆઇડીસીના સેકન્ડ ફેઝના ૪૦૪ નંબરના પ્લોટમાંથી ડ્રગ્સ બનાવવાનું આખુ કારખાનું જપ્ત કરવામાં આવ્યું હતું.આ કારખાનામાં ૨૫ કરોડથી વધુ કિંમતના ૧૭.૩૩૦ કિલો એમડી ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતુ. સૌરભ ક્રીએશન નામના કારખાનામાં આ એમડી ડ્રગ્સ બનતું હતું. ડીઆરઆઈના દરોડામાં કારખાનમાં હાજર ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં





વી હતી. ટેકનિશિયન કલ્પેશ પીતાંબર ડોડિયાની ધરપકડ કરવામાં આવી હતી.આ ઉપરાંત કર્મચારી અજયકુમાર મહાતોની ધરપકડ કરવામાં આવી હતી. સુપરવાઈઝર વિક્રાંત પટેલ ઉર્ફે વિકીની પણ ધરપકડ કરવામાં આવી હતી. વિક્રાંત પટેલ ઉર્ફે વિકી સમગ્ર રેકેટનો માસ્ટર માઈન્ડ હોવાનું જાણમાં આવ્યું છે. આરોપીઓના રાન્ડમાં અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.આ પહેલા ઓગસ્ટમાં જ રાજ્યના દરિયાકાંઠે ડ્રગ્સ જપ્ત પ્રક્રિયા ફરી એકવાર શરૂ થઈ છે. વલસાડ બાદ નવસારી જિલ્લાના દરિયા કિનારેથી ડ્રગ્સનો જંગી જથ્થો મળી આવતા જિલ્લા પોલીસ ચિંતામાં મુકાઈ ગઈ છે. નવસારીના દરિયાકાંઠેથી રૂ. ૩૦ કરોડની કિંમતનો ૬૦ કિલો જેટલો ચરસનો જથ્થો મળી આવ્યો છે.છેલ્લા એક સપ્તાહ દરમિયાન વલસાડ જિલ્લા અને સુરત શહેરના દરિયાકિનારા પરથી ગેરકાયદેસર ચરસનો જંગી જથ્થો ઝડપાયો હતો. તદનુસાર, નવસારીના દરિયાકાંઠાના મરોલી, ગણદેવી, ધોલાઈ મરીન, બેલીમોરા અને જલાલપોર પોલીસ સ્ટેશનના અધિકારીઓને અલગ-અલગ ટીમો બનાવવા અને દરિયાકાંઠાના વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.નવસારીના ઈતિહાસમાં પ્રથમ વખત નવસારી જિલ્લા પોલીસ દ્વારા ૩૦ કરોડના ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ થયો છે. નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ચાંગલી ફળિયાના દરિયા કિનારે ૫૦ કિલો વજનની દવાના ૫૦ પેકેટ ત્યજી દેવાયેલા મળી આવ્યા હતા. એવો અંદાજ છે કે તે ચાર મહિનાથી વધુ સમયથી દરિયામાં પડેલો હતો.

## વડોદરા જેવી જ પેટર્નથી સુરતમાં સગીરા સાથે સામુહિક દુષ્કર્મ

। પ્રતિનિધિ, સુરત,તા.૧૦ ।

નવરાત્રિમાં નરાધમોનો આતંક જોવા મળ્યો છે. વડોદરામાં સગીરા સાથે ગેંગરેપની ઘટના હજી તાજી જ છે, ત્યાં સુરતમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મ થયું છે. વડોદરા જેવી જ પેટર્નથી સુરતની સગીરાને નરાધમોએ શિકાર બનાવી છે. ત્યારે લાગે છે કે, મા આદ્યશક્તિના પર્વમાં જ્યાં દીકરીઓ પૂજવામા આવે છે, ત્યાં જ ગુજરાતની દીકરીઓ સલામત નથી. સુરતમાં મિત્ર સાથે જઈ રહેલી સગીરા સાથે અજાણ્યા લોકોએ દુષ્કર્મ આચર્યું. રાજ્યમાં ફરી એકવાર ગેંગરેપની ઘટના સામે આવી છે. સુરત જિલ્લાના મોટા બોરસરા ગામે નજીક સામુહિક દુષ્કર્મની ઘટના બની છે. પ્રાથમિક માહિતી અનુસાર સગીરા તેના મિત્રા સાથે જઈ રહી હતી ત્યારે તેની સાથે દુષ્કર્મ થયું હતું. સગીરા મિત્ર સાથે હતી તે સમય દરમ્યાન અવાવરું જગ્યાએ ત્રણ જેટલા નરાધમો આવી પહોંચ્યા હતા અને સગીરાના મિત્રને માર માર્યો હતો. અને ત્યારબાદ સગીરા સાથે અજાણ્યા લોકોએ દુષ્કર્મ આચર્યું હતું.

## કચ્છના આડેસરમાં યુવતી પર દુષ્કર્મ આચરનાર નરાધમ ઝડપાયો

। પ્રતિનિધિ, ભુજ,તા.૧૦ ।

રાજ્યમાં નવરાત્રી દરમિયાન દુષ્કર્મની ઘટનાઓ વધી રહી છે. ૭ ઓક્ટોબરની રાત્રે ગરબા રમી પરત ફરી રહેલી કચ્છની યુવતી પર વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી છે. કચ્છના આડેસરમાં ગરબા રમી પરત ફરી રહેલી યુવતી પર દુષ્કર્મ આચરનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. યુવતીએ બળાત્કારની અને જાતિ વિષયક ટીપ્પણી કરી અપમાનિત કરાઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી પ્રવિણ કરશન ગોયલની ધરપકડ કરી છે.પેવર બ્લોકના કારખાનામાં યુવતી પર દુષ્કૃત્યને અંજામ આપવામાં આવ્યો હતો. ગરબા રમીને જઈ રહેલી યુવતીને તરસ લાગતા બે શખ્સ પાણી પીવડાવવા કારખાને લઈ ગયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. યુવતીનો સાથી મિત્ર જે કારખાનામાં કામ કરે છે તે કારખાનાના માલિકે જ બળાત્કાર કર્યો હોવાનું તપાસમાં સામે આવ્યુ છે.

## કિંજલ દવેના ગરબા ગ્રાઉન્ડ પરથી ઉપરાઉપરી નીકળ્યા ૨ સાપ

। પ્રતિનિધિ,સુરત, તા.૧૦ ।

ગુજરાતી ગરબા ક્વીન કિંજલ દવે સુરતીઓને ગરબાના તાલે ડોલાવી રહ્યાં છે. ત્યારે સુરતના હજારો ખેલૈયાઓની મોજ વચ્ચે ગરબા ગ્રાઉન્ડ પરથી સાપ નીકળવાની ઘટના બની રહી છે. સુરતના પાલ વિસ્તારમાં ગૌરવ પથ રોડ ખાતે યશ્વી નવરાત્રિનો ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ ગરબા ગ્રાઉન્ડ હવે સાપને કારણે ચર્ચામાં આવ્યું છે. બે દિવસ પહેલા આ ગરબા ગ્રાઉન્ડના સ્ટેજ પાસે સાપ ફરતો હોવાનો વીડિયો વાયરલ થયો હતો. ત્યારે બે દિવસમાં ગ્રાઉન્ડ પરથી બીજો સાપ નીકળ્યો છે. બંને સાપ એક જ પ્રકારના છે, અને ભારત દેશમાં સૌથી ઝેરી પ્રકારના કહેવાતા સાપમાં છે. બે દિવસથી સોશિયલ મીડિયા પર ગરબાના સ્ટેજ પર સાપ ફરતો હોવાનો એક વીડિયો જબરદસ્ત રીતે વાયરલ થયો હતો. ત્યારે આ વીડિયો કિંજલ દવેના ગરબા ગ્રાઉન્ડનો હતો. અડાજણ પાલ ગૌરવ પથ ખાતે કિંજલ દવેની નવરાત્રીમાં વધુ એક વખત અત્યંત ઝેરી સાપ નીકળ્યો છે. હજારોની ભીડ વચ્ચે ખડચીતરો નામનો અત્યંત ઝેરી સાપ ગ્રાઉન્ડ પરથી નીકળ્યો હતો. ફાયરના લાશ્કરોએ ઝેરી સાપનું રેસ્ક્યુ કર્યું હતું. જો થોડી શરત ચૂક થઈ હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. હજી બે દિવસ પહેલા પણ અહીંયા મુખ્ય સ્ટેજ નીચેથી કલોતરો સાપ નીકળ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

### સુરતમાં રાંદેર-અડાજણ સાથે જોડતો એક માત્ર બ્રિજ હોપપુલ હતો

# સુરતના રાંદેર અડાજણ બ્રિજનું તાત્કાલિક સમારકામ કરવા સાંસદે મનપા કમિશનરને પત્ર

। પ્રતિનિધિ, સુરત,તા.૧૦ ।

અડાજણ તરફથી ચોક તરફ આવતા બ્રિજ ઉપર ડાબા હાથ પર જે પાળી બનાવી છે તે અડાજણ નાકાથી ચોક છેડા સુધી સળંગ ઘણી બધી જગ્યાઓએ અત્યંત જર્જરીત અને જોખમી હાલતમાં દેખાય છે. પાળીના ટોપ પર નીચે તરફ સળીયાઓ દેખાતા થયા હોવાની રજૂઆત સાથે સાંસદ મુકેશ દલાલએ મનપા કમિશ્નરને પત્ર લખીને તાકીદે રીપેરીંગ કરવા માંગ કરી છે.સાંસદ મુકેશ દલાલએ મનપા કમિશ્નરને પત્ર લખ્યો હતો. જેમાં તેઓએ જણાવ્યું હતું કે ૧૯૬૬ પહેલા સુરતમાં રાંદેર-અડાજણ સાથે જોડતો એક માત્ર બ્રિજ હોપપુલ હતો. ત્યાર બાદ શહેરનો વિકાસ થતા તેની જ બાજુમાં ૧૯૬૬માં એક નવો બ્રિજ રૂપિયા ૬૯ કરોડના ખર્ચે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, સદર બ્રિજ બન્યા બાદ જુનો હોપપુલ પબ્લીક અવર-જવર માટે બંધ કરી દેવાતા તે માત્ર ઐતિહાસિક પુલ બની ગયો હતો. ૨૦૧૫માં આ બ્રિજની બાજુમાં રૂપિયા ૭૦ કરોડના ખર્ચે એક નવો બ્રિજ સુરતની જનતાને અર્પણ કરવામાં આવ્યો હતો.હાલ આ બ્રિજ ઉપર અડાજણ તરફથી ચોક તરફ આવતા બ્રિજ ઉપર ડાબા હાથ પર જે પાળી બનાવી છે તે અડાજણ નાકાથી ચોક છેડા સુધી સળંગ ઘણી બધી જગ્યાઓએ અત્યંત જર્જરીત અને જોખમી હાલતમાં દેખાય છે. પાળીના ટોપ પર નીચે તરફ સળીયાઓ દેખાતા થઈ છે. ઉપરાંત પાળીના નીચેના ભાગમાં ઘણી બધી જગ્યાઓએ નાના મોટા બાકોરા પડી ગયા છે. કેટલાક બાકોરા તો એટલા મોટા છે કે આખોને આખો બાળક અથવા માણસ પણ નદીમાં પડી જઈ શકે છે. આ બ્રિજ ઉપર સુરતીઓ રાત્રીના સમયે ચાલવા માટે અથવા બાળકો સાથે ફરવા માટે આવતા હોય છે. અડાજણ તરફથી ચોક તરફ આવતા બ્રિજ ઉપર ડાબા હાથ પર જે પાળી બનાવી છે તે અડાજણ નાકાથી ચોક છેડા સુધી સળંગ ઘણી બધી જગ્યાઓએ અત્યંત જર્જરીત અને જોખમી હાલતમાં દેખાય છે. । સુરતમાં રાંદેર-અડાજણ સાથે જોડતો એક માત્ર બ્રિજ હોપપુલ હતો.

## સુરતના માંડવીમાં વધુ એક કિશોરી સાથે દુષ્કર્મ

। પ્રતિનિધિ,સુરત, તા.૧૦ ।

સુરતના માંડવીમાં વધુ એક વિધર્મી દ્વારા સગીરા સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે. સગીરાને શાળા એ લઈ જતા અરબાઝ પઠાણ નામના વિધર્મી રિક્ષા ચાલકે દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપી રિક્ષાચાલકે સગીરાને ફોસલાવીને પ્રેમ સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે. સગીરા ગર્ભવતી થતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો છે. આરોપીએ સગીરાની મરજી વિરુદ્ધ અનેકવાર દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે. ત્યારે હવે શાળાએ જતી વિદ્યાર્થિનીઓ પણ સુરક્ષિત ન હોવાનું સામે આવ્યુ છે.માતાપિતા ભરોસો કરે તો કોના પર કરે તે મોટો સવાલ છે. રોજ શાળાએ મુકવા જતા રિક્ષા ચાલકે જ સગીરા પર નજર બગાડી દુષ્કર્મ આચર્યુ છે. ત્યારે સૌથી મોટો સવાલ છે કે દીકરીઓ પર નજર બગાડનારા આવા અસુરોને કાયદાનો કોઈ ડર કેમ રહ્યો નથી? કેમ ગુનો આચરતા પહેલા તેમને સજાનો કોઈ ડર લાગતો નથી.

## બળાત્કારના કેસમાં કપાતર પુત્રને ૧૪ વર્ષની સજા ફરમાવતી સેશન્સ કોર્ટ

। પ્રતિનિધિ,જામનગર, તા.૧૦ ।

જામનગરમાં સગી માતા સાથે દુષ્કર આચારવા ના કેસ માં કપાતર પુત્ર ને અદાલતે ૧૪ વર્ષ ની જેલ સજા નો હુકમ કર્યો છે. આ કેસ ની વિગત એવી છે કે ગત તારીખ ૩/૫/૨૦૨૩ ના રોજ ફરીયાદી મહિલા ધ્વારા પોતાના પુત્ર અજય ઉર્ફે વિછી વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવેલ કે તેણીના પતિ દોઢ વર્ષ પહેલા અવસાન પામેલ હતા અને તેઓ તેઓના પુત્ર અજય ઉર્ફે વિછીને રોજ રાત્રે મોડા ઘરે આવવાની ટેવ હતી જેથી તે દિવસે તેઓ દરવાજો ખુલ્લો રાખીને પોતાના રૂમમાં સુઈ ગયેલ જેથી રાત્રી ના ૧૨ : ૩૦ ની આસપાસ તેણીનો પુત્ર તેણી માં ને કહેલ કે મને પથારી કરી આપેલ જેથી તેણી માં તેના રૂમમાં પથારી કરવા ગયેલ ત્યારે અજય ઉર્ફે વિછીના મોં માંથી નસો કરેલ ની વાસ આવતી હતી અને ત્યારે તેણીના દિકરા અજયે રૂમક્ષના બારી દરવાજા બંધ કરી દીધેલ અને લાઈટ બંધ કરી તેણી માં ને કહેલ કે મારા પગ દુખે છે મને પગ દાબી દે જેથી તેની માં પગ દબાવતી હતી.



### ગેનીબેન ઠાકોર આક્રમક મૂડમાં જોવા મળ્યા

# રાજ્યમાં દુષ્કર્મ અને ગેંગરેપની ઘટનાઓ બાદ ગૃહમંત્રીએ રાજીનામુ આપવું જોઇએ : ગેનીબેન

**વડોદરા, સુરેન્દ્રનગર, સુરત, દાહોદ અને બોટાદની ઘટનાઓને લઈને સાંસદે સરકાર પર નિશાન સાધ્યું હતું**

। પ્રતિનિધિ,પાલનપુર, તા.૧૦ ।

નવરાત્રિમાં સુરક્ષા અંગે નિવેદન આપ્યા બાદ ગુજરાતમાં દીકરીઓ પર દુષ્કર્મ અને ગેંગરેપની ઘટનાઓ સામે આવતા હવે ફરી એકવાર મહિલા સાંસદ ગેનીબેન ઠાકોર આક્રમક મૂડમાં જોવા મળ્યા છે. પત્રકાર પરિષદ સંબોધી, ગુજરાત સરકાર અને ગૃહ મંત્રી પર સાંસદ ગેનીબેન ઠાકોર વરસ્યા હતા. તેમને ગૃહ મંત્રીના રાજીનામાની પણ માંગ કરી છે.





તેમણે રાજ્યમાં દુષ્કર્મ અને ગેંગરેપની તમામ ઘટનાઓ માટે જવાબદાર સરકાર અને ગૃહમંત્રી સામે આકરા પ્રહારો કર્યા હતા. વડોદરા, સુરેન્દ્રનગર, સુરત, દાહોદ અને બોટાદની ઘટનાઓને લઈને સાંસદે સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમને કહ્યું કે, 'કાયદો અને વ્યવસ્થા કથળેલી છે. ગુનેગારો ઉપર પોલીસ સરકાર અને ગૃહ વિભાગનું કોઈ કંટ્રોલ નથી. છેલ્લા એક મહિનાની આ ઘટનાઓ જોતા સાબિત થાય છે કે દાવાઓ પોકળ છે અને એટલા માટે હું કહું છું કે રાજ્યના ગૃહ મંત્રીને એક અડધો ટકો પણ ક્યાંક નૈતિકતા અને જવાબદારી સ્વીકારવાની થતી હોય તો એ સ્વીકારીને આ પદેથી રાજીનામું આપી દેવું જોઈએ. દેશમાં કોઈક એવા ગૃહમંત્રી બનાવો કે જેનો ખોફ વહીવટી તંત્ર પર હોય, ગૃહ વિભાગ ઉપર પૂરું કંટ્રોલિંગ હોય અને એના હિસાબે સમગ્ર રાજ્યમાં ભાઈચારાની ભાવના અને બેન-દીકરીઓને એક સુરક્ષિત ગુજરાત છે એવું મહેસુસ થાય.'

નવરાત્રિમાં પાંચ વાગ્યા સુધી આપેલી છૂટ મામલે ફરી એકવાર તેમણે સવાલો ઉઠાવ્યા છે. ગેનીબેને કહ્યું કે, 'તમે નવરાત્રિની છૂટ આપી છે. તમે એ કહેવા માંગો છો કે કેફી પદાર્થોનું વેચાણએ તમારા વિભાગ મારફત થાય અને તેના હપ્તા મળે એટલા માટે કરીને તમે પાંચ વાગ્યાની છૂટ આપો છો. પાંચ વાગ્યા સુધી યુવાનો જાગે, એ ક્યાંક ડ્રગ્સ હોય, દારૂ હોય, ગાંજો હોય કે તમામ પ્રકારના જે કેફી પદાર્થો છે એ વધુ પડતા સેવન કરે અને તમારો વ્યાપાર વધુ થાય. કદાચ પાંચ વાગ્યા સુધીની છૂટ આપવામાં આટલો જ ભાવાર્થ હશે. ઉપરાંત તમને હપ્તા કઈ રીતે વધારે મળે એટલી જ વાત કદાચ હશે.'

### સિરીઝ લગાવતા સમયે કરંટ લાગતા ધોરણ-૯ના વિદ્યાર્થીનું મોત

# વિજાપુરમાં વિદ્યાર્થીના મોતનો મામલો શાળાના આચાર્ય સહિત ૪ વિરૂદ્ધ ફરીયાદ

। પ્રતિનિધિ, વિજાપુર, તા.૧૦ ।

મહેસાણા જિલ્લાના વિજાપુરની એક શાળામાં સિરીઝ લગાવતા સમયે કરંટ લાગતા ધોરણ-૯ના વિદ્યાર્થીનું મોત થયું હતું. આ મામલે હવે સ્કૂલના પ્રિન્સિપાલ સહિત ૪ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. વિજાપુર પોલીસે ૧ પ્રિન્સિપાલ, ૨ શિક્ષક અને ૧ સિક્યુરિટીની ધરપકડ કરી ચારેય વિરુદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.આ અંગે મળતી માહિતી મુજબ વિજાપુરની સેન્ટ જોસેફ વિજાપુર ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં ગરબા હોવાથી શાળાને સજાવવામાં આવી રહી હતી. શાળામાં સિરીઝ લગાવતા સમયે ૩ બાળકો અને ૨ કારીગરને કરંટ લાગ્યો હતો. આ તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા, જેમાંથી ધોરણ-૯ના એક વિદ્યાર્થીનું મોત થયું હતું.૧ કારીગર અને ૨ બાળકો ઉમિયા સર્જીકલ હોસ્પિટલ વિજાપુરમાં સારવાર હેઠળ છે, જયારે અન્ય એક કારીગર યશ હોસ્પિટલ વિજાપુરમાં સારવાર હેઠળ છે. મૃતક વિદ્યાર્થીનું નામ આર્યરાજસિંહ ઉપેન્દ્રસિંહ સિસોદિયા હોવાનું અને તે સાબરકાંઠા જિલ્લાના વડાલી નજીકનો હોવાનું જાણવા મળ્યું છે.

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવી

। પ્રતિનિધિ,મુંબઇ, તા.૧૦ ।

મુંબઈ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને દેશના ઔદ્યોગિક નક્શે આગવું સ્થાન પામેલા ટાટા ગ્રુપના સ્વ. શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવવા મુંબઈ પહોંચ્યા હતા. સ્વર્ગસ્થનો પાર્થિવ દેહ અંતિમ દર્શન માટે નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ લેન, નરીમાન પોઈન્ટ, મુંબઈ ખાતે રાખવામા આવ્યો છે ત્યાં જઈને મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થના અંતિમ દર્શન કર્યા હતા અને ભાવાંજલિ આપી હતી.ગુજરાત સરકારે રતન ટાટાના સમ્માનમાં એક દિવસના શોકની જાહેરાત કરી છે.ગુજરાત સરકારના જણાવ્યા અનુસાર શોક દિવસ પર રાષ્ટ્રીય ધ્વજ અડધો ઝુકેલો રહેશે અને સરકારનો કોઈ સાંસ્કૃતિક કે મનોરંજન કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે નહીંઉલ્લેખનીય છે કે ગઈકાલે રાત્રે ૧૧ વાગે દેશના પ્રખ્યાત ઉદ્યોગપતિ રતન ટાટાનું નિધન થયું હતું. તેમણે ૮૬ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા.









## તંત્રી લેખ...

# મિડિયા ટ્રાયલ જોખમી

દેશમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી મિડિયા ટ્રાયલને લઈને આખરે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે નોંધ લઈ લીધી છે. એક કાર્યક્રમમાં હાજરી આપતી વેળા ચીફ જસ્ટીસે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે દેશમાં કેટલાક મિડિયા હાઉસ દ્વારા ઉદ્ધેશ્ય સાથે મિડિયા ટ્રાયલ ચલાવવામાં આવે છે. આ રીત ખુબ જ ખતરનાક છે. આના કારણે પક્ષપાતી રીતે સોશિયલ મિડિયામાં કોઈ બાબતને ફેલાવવામાં આવે છે. કેટલાક મિડિયા દ્વારા કંગારુ કોર્ટ ચલાવવામાં આવે છે. આ પ્રકારની કંગારુ કોર્ટમાં કોઈ એક બાબતને ખોટી રીતે ફેલાવવામાં આવે છે. પક્ષપાતી રીતે કોઈ મુદ્દા પર લોકો અને આ પ્રકારની ટ્રાયલ ચાલવનાર લોકો પોતાની પ્રતિક્રિયા આપે છે. કેટલાક સંવેદનશીલ મુદ્દા પર પોતાના જ ચુકાદા પણ આપી દેવામાં આવે છે. આના કારણે ન્યાયિક વ્યવસ્થાની કામગીરી પર પ્રતિકુળ અને માઠી અસર થઈ રહી છે. આવી પ્રકારની ગતિધી ફેલાઈ ગયા બાદ જ્યારે મામલા કોર્ટમાં પહોંચતા હોય છે ત્યારે કોઈ પણ પ્રકારના નિર્ણય લેવામાં ખુબ મુશ્કેલી પડે છે. જેથી આ પ્રકારની બાબત પર કોઈ મિડિયા હાઉસ દ્વારા નિવેદનબાજી કરવાના બદલે તટસ્થ વલણ સાથે આગળ વધવાની જરૂર હોય છે. કારણ કે લોકો દ્વારા પોતે કોઈ સંવેદનશીલ કેસમાં ચુકાદા આપી દેવામાં આવે છે. પોતાની સમજ મુજબ લોકો પોતાના નિર્ણય આપે છે. જેથી કોઈ જટિલ કેસોમાં અનેક પ્રકારની તકલીફ સર્જાઈ જાય છે. લોકો કોઈ મેસેજને સમજ્યા વગર જ ફોરવર્ડ કરી દેવામાં આવે છે. જે ખતરનાક બાબત છે. ત તમામ સમાજના લોકો પર માઠી અસર કરે છે. આના કારણે લોકશાહી પણ મજબુત બનવાના બદલે નબળી પડે છે. લોકશાહીની પીછેહટ થાય છે. ચીફ જસ્ટીસે જે બાબતો પર વાત કરી છે તે ખુબ જ મહત્વપૂર્ણ અને તમામ માટે પ્રેરણા સમાન છે. કારણ કે ન્યાયતંત્ર અને કાર્યતંત્ર બંને ખાસ ગૌરવ અને સન્માન ધરાવે છે. તેમના પર કોઈ પણ પ્રકારના દબાણ આવે તે યોગ્ય નથી. તમામ લોકો સારી રીતે જાણે છે કે ભારતમાં તો ત્રાસવાદીઓના કેસમાં તેમને કોઈ પણ પ્રકારના અન્યાય ન થાય તે માટે મોડી રાત સુધી અથવા તો વહેલી સવાર સુધી કોર્ટ ચાલે છે. અન્યાયના કોઈ વિકલ્પ રહેવા દેતા નથી. આવી સ્થિતીમાં કોઈ પણ પ્રકારના કંગારુ કોર્ટ યોગ્ય નથી. આના કારણે સ્થિતી હળવી બનવાના બદલે જટિલ બની જાય છે.લોકો વિવિધ દિશામાં વિચારીને કોઈ પણ મુદ્દા પર ટિપ્પણી કરે તે પણ જરૂરી છે. રાજનેતાઓને પણ સુચન છે કે કોઈ પણ મુદ્દા પર નિવેદન કરતા પહેલા તેની દુરગામી અસર કેટલી થશે તેને ધ્યાનમાં લઈને કોઈ વાત કરવી જોઈએ. વર્તમાન સમયમાં કંગારુ કોર્ટને લઈને સુપ્રીમ કોર્ટના ચીજ જસ્ટીસના દરેક શબ્દને ધ્યાનમાં લઈને આગળ વધવવાની જરૂર છે. સાથે સાથે આ દિશામાં કોઈ નિર્ણય ન આવે ત્યાં સુધી કોઈ ટિપ્પણી કરવાથી પણ બચવાની જરૂર છે. ચીફ જસ્ટીસના નિવેદન બાદ કાયદાકીય નિષ્ણાંતોમાં આની ભારે ચર્ચા રહી છે. સાથે તમામ લોકો તેમની સાથે એકમત પણ નજરે પડી રહ્યા છે. જે તેમની બાબતની ગંભીરતાને સ્પષ્ટ રીતે રજૂ કરી દે છે.સોશિયલ મિડિયા આજે ખતરનાક સ્વરૂપમાં વધારે દેખાય છે.

## થોડું હટકે...

# ટોપ સંસ્થાઓ બનવા વધુ નાણાં જરૂરી

વિશ્વમાં ટોપની સંસ્થાઓમાં સ્થાન મેળવી લેવા માટે ભારતીય સંસ્થાઓ દ્વારા પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમાં સફળતા પણ મળી રહી છે જો કે હજુ વ્યાપક સુધારા કરવાની જરૂર છે. વિશ્વની ટોપ કોલેજ અને યુનિવર્સિટીઓમાં અમારી સંસ્થાઓ રહે તે પણ ગર્વની બાબત હોય છે. હજુ આમાં ભારતીય સંસ્થાઓ ઓછી અથવા તો નહીંવત નજરે પડે છે. આના માટે કેટલાક કારણો દેખાતા રહ્યા છે. ટોપ સંસ્થાઓ બનાવવા માટે પુરતા પ્રમાણમાં નાણાની જરૂર રહે છે. નેશનલ ઈન્સ્ટીટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ) તરફથી વર્ષ ૨૦૨૧ માટે ભારતીય કોલેજ અને યુનિવર્સિટીના રેન્કિંગ જારી કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ના રેન્કિંગમાં છેલ્લા વર્ષોની તુલનામાં કેટલાક સુધારા જોવામાં આવ્યા છે. જેમ કે લો અને આર્કિટેકચર જેવી જુદી જુદી સંસ્થાઓ માટે શ્રેણી વધારી દેવામાં આવી છે. પહેલા આ શ્રેણી રાખવામાં આવી ન હતી. રેન્કિંગમાં સામેલ રહેલી સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે. આ સંખ્યા હવે વધીને ૪૫૦૦ સુધી પહોંચી ગઈ છે. દરમિયાન ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે દરેક પરિસ્થિતીમાં તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના રેન્કિંગમાં સામેલ થવાની બાબત જરૂરી છે. જે સરકારી સંસ્થાઓ આમાં સામેલ થશે નહીં તેમને મળનાર ફંડમાં કાપ મુકવામાં આવશે. માનવામાં આવે છે કે તમામ સરકારી સંસ્થાઓ આ રેન્કિંગમાં સ્વય સામેલ થશે. આ રેન્કિંગ જારી કરવામાં આવી છે. તેમા દેશની આઠ જુદી જુદી સંસ્થાઓસામેલ છે. જુદા જુદા પ્રકારની શિક્ષણ સંસ્થાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. જેમના રેન્કિંગ ખાસ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે તેમાં યુનિવર્સિટી, એન્જિનિયરિંગ, મેડિકલ, ફાર્મસી, મેનેજમેન્ટ, આર્કિટેકચર, લો અને અન્ય કોલેજ સામેલ છે. એક નવમી શ્રેણી પણ છે. જેમાં તમામ સંસ્થાઓના રેન્કિંગએક સાથે કરવામાં આવ્યા છે. હાલમાં જારી કરવામાં આવેલી રેન્કિંગમાં વર્ષ ૨૦૨૨માં છ ભારતીય આઈઆઈટી સંસ્થાન સમગ્ર શ્રેણીમાં ટોપના ૧૦ સ્થાન પર છે. મદ્રાસ બીજા, મુંબઈ ત્રીજા, દિલ્હી ચોથા, ખડગપુર પાંચમાં, કાનપુર સાતમા, અને રરકી આઠમા સ્થાને છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ પહેલા તો જવાહર લાલ નહેરુ યુનિવર્સિટી રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને રહી છે. વારાણસી હિન્દુ યુનિવર્સિટી નવમા સ્થાને છે. જ્યારે અણ્ણા યુનિવર્સિટી દસમાં સ્થાને છે. ગોવા આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી નક્કર પણે માને છે કે ભારતમાં મોટા ભાગની શિક્ષણ સંસ્થાઓ મધ્યમ સ્તરની રહેલી છે અને મોટા ભાગના વિદ્યાર્થીઓ આ શિક્ષણ સંસ્થાઓમાં જ અભ્યાસ કરી રહ્યા છે. ૬૫ ટકાથી વધારે વિદ્યાર્થીઓ આ જ શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવા માટે મજબુર છે. ૬૭ ટકાથી વધારે વિદ્યાર્થીઓ ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે.



આજકાલ
લેખક : દીપક જગતાપ

**ભારતમાં છેલ્લાં ૭૦ વર્ષથી ચિત્તાઓ લુપ્ત થઈ ગયા હતા...**

**૨૦મી સદીની શરૂઆત સુધી ભારતીય ચિત્તાની વસ્તી ઘટીને ૧૦૦ની અંદર આવી ગઇ હતી અને રાજકુમારોએ આફ્રિકન જાનવરોને આયાત કરવાના શરૂ કરી દીધા ૧૯૧૮થી ૧૯૪૫ વચ્ચે લગભગ ૨૦૦ ચિત્તા આયાત કરવામાં આવ્યા હતા**

# ચિત્તો : ધરતી પરનું સૌથી વધુ ઝડપ ધરાવતું પ્રાણી હવે લુપ્ત થવાના આરે...!

**બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના જર્નલ મુજબ, ભારતમાં પહેલેથી ચિત્તાઓ દેખાતા રહ્યા છે. પરંતુ ધીરે ધીરે લુપ્ત થઇ ગયા. તમને જાણીને નવાઇ લાગશે કે ભારતમાં જ્યારે માત્ર એક છેલ્લો ચિત્તો વધ્યો હતો ત્યારે પણ એક મહારાજાએ તેનો શિકાર કરી દીધો હતો**

ભારતમાં છેલ્લાં ૭૦ વર્ષથી લુપ્ત થઈ ગયેલા ચિત્તાઓની વસ્તી પુનર્જીવિત કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૂનો નેશનલ પાર્કમાં આઠ ચિત્તાઓને છોડીને એક નવો ઈતિહાસ રચ્યો છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીવર ખેંચીને ચિત્તાઓને કુનો નેશનલ પાર્કમાં છોડ્યા હતા .કુનો નેશનલ પાર્કમાં ચિત્તાઓને છોડ્યા બાદ પીએમ મોદીએ તેમના સંબોધનમાં કહ્યુ કે આજે ચિત્તા ભારતના મહેમાન બનીને આવ્યા છે અને દાયકાઓ પહેલા તૂટેલી કડી આજે જોડાઈ ગઈ છે.



વર્ષ ૧૯૫૨માં લુપ્ત થઈ ગયેલા ચિત્તા ફરી એકવાર ભારતની ધરતી આવી પહોંચ્યા છે. આચિત્તાઓનું નવુ નિવાસસ્થાન મધ્ય પ્રદેશમાં કુનો નેશનલ ફોરેસ્ટ પાર્ક બની ગયું છે. નામીબિયાથી આઠ ચિત્તાઓ વહેલી સવારે ગ્વાલિયરના મહારાજા એરપોર્ટ પર પહોંચ્યા હતા અને ત્યારપછી અહીંથી આ તમામ ચિત્તાઓને સેનાના ત્રણ વિશેષ હેલિકોપ્ટર દ્વારા કુનો નેશનલ પાર્ક લવાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના જન્મદિવસ નિમિત્તે સવારે ૧૧.૩૦ વાગ્યે લીવર ખેંચીને ત્રણ ચિતાઓને જંગલમાં છોડ્યા હતા. હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તમામ ચિત્તાઓ થોડા દિવસો માટે એક ખાસ વાડામાં રહેશે. જ્યારે તેમને અહીંના વાતાવરણ અને હવા પાણીની ટેવ પડી જશે, ત્યારે સમગ્ર જંગલ તેમને સોંપવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે "એ ઘણુ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે વર્ષ ૧૯૫૨માં દેશમાંથી ચિત્તાઓને લુપ્ત જાહેર કરી દેવાયા અને ત્યારબાદ દાયકાઓ સુધી તેમના પુનર્વસન માટે કોઈ સાર્થક પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. આજે આઝાદીના અમૃતકાળમાં હવે દેશ નવી ઉર્જા સાથે ચિત્તાઓના પુનર્વસનના કામમાં લાગી ગયો છે.એ વાત સાચી છે કે જ્યારે પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ થાય છે તો આપણું ભવિષ્ય પણ સુરક્ષિત છે. વિકાસ અને સમૃદ્ધિના માર્ગો પણ ખુલે છે. જ્યારે કુનો નેશનલ પાર્કમાં ચિત્તાઓ ફરી દોડશે, ત્યારે અહીંની ગ્રાસલેન્ડ ઈકોસિસ્ટમ ફરીથી રિસ્ટોર થશે."

દક્ષિણ આફ્રિકાના નામીબિયાથી આવેલા ચિત્તામાં પાંચ માદા અને ત્રણ નર છે. ચિત્તાની ઉંમર અઢીથી સાડા પાંચ વર્ષ વચ્ચે છે. આ જાણકારી પણ સામે આવી કે આઠ ચિત્તામાં બે સગા ભાઈ પણ સામેલ છે. ચિત્તાના પ્રોજેક્ટમાં સામેલ એક એજન્સી ચિત્તા સંરક્ષણ કોષ પાસેથી મળેલી જાણકારી અનુસાર આ ચિત્તામાં ત્રણ નર છે જ્યારે પાંચ માદા છે. એક ચિત્તાની ઉંમર ૧૨ વર્ષ પણ છે. ચિત્તો, બિલાડી કુળનું અનોખું પ્રાણી છે,જે ધરતી પરનું સૌથી વધુ ઝડપ ધરાવતું પ્રાણી છે. ચિત્તાની ઝડપ ૧૧૨ થી ૧૨૦ કિમી/કલાક હોય છે. આ ઝડપે તે લગભગ ૪૬૦ મીટર (૧૫૦૦ ફીટ) જેટલું અંતર કાપી શકે છે.તે ફક્ત ૩ સેકન્ડમાં ૦ થી ૧૧૦ કિમી/કલાકનો વેગ પકડી શકે છે,જે વિશ્વની કોઈપણ સુપરકાર કરતાં વધુ છે.

ચિત્તાનું ટૂંકું માથું, પાતળું શરીર અને લાંબા પગ તેને ઝડપી ગતિ પકડવામાં મદદ કરે છે.આ પ્રાણી ભારતમાંથી લુપ્ત થઈ ગયેલ છે. જો કે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય,જુનાગઢ,ગુજરાતમાં બે જોડી ચિત્તા સિંગાપુર પ્રાણી સંગ્રહાલયમાંથી લવાયેલ છે,જે હવે ત્યાં લોકોને જોવા માટે ખુલ્લા મુકાયેલ છે. જીનેટિકલી સમાનતા અને અનુકૂલન સાધવામાં આફ્રિકી ચિત્તાઓને ભારતનું વાતાવરણ માફક આવે તેવું છે. નામિબીયાથી ૮ ચિત્તા લાવવાની કવાયત છેલ્લા ૧૨ વર્ષથી ચાલતી હતી.વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૨ દરમિયાન ચિત્તાને અનકૂળ વાતાવરણ જણાય તેવા અનેક સ્થળોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં મધ્યપ્રદેશનું કુનો રાષ્ટ્રીય ઉધાન સૌથી માફક આવે તેવું જણાયું હતું. પ્રતિ કલાક ૮૦ કિમી ઝડપે દોડી શકતું આ જંગલી પ્રાણી દુનિયામાંથી લૂપ્ત થતું જાય છે. ભારતની વાત કરીએ તો છેલ્લા ૭૦ વર્ષથી એક પણ ચિત્તો નથી.હવે ભારતમાં ૭ દશક બાદ ચિત્તાની ત્રાડ સંભળાશે. આ ઐતિહાસિક ઘટના મધ્યપ્રદેશના કૂના નેશનલ પાર્કમાં બનશે. તેના માટે કૂનો નેશનલ પાર્કમાં ખાસ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. હવે ચિત્તા કૂના નેશનલ પાર્કની શાન બનશે.વર્ષો બાદ ભારતના લોકો ચિત્તાને ભારતની ધરતી પર જોવા મળ્યા છે. જોકે ૭૦વર્ષ પહેલા ભારતમાં ઘણા ચિત્તાઓ હતા. પણ એક પછી એક ચિત્તાના શિકાર કરવામાં આવતા પ્રાણીનું વંશ નિકંદન નિકળી ગયું. આઝાદી પહેલા ભારતના પૂર્વોત્તર વિસ્તારને છોડતા ૫ વંતીય અને તટ વિસ્તારોમાં ચિત્તાની વસ્તી જોવા મળતી હતી. એવું માનવામાં આવે છે કે મોગલ બાદશાહ અકબર પાસે ૧ હજાર જેટલા ચિત્તા હતા. આ ચિત્તાનો ઉપયોગ હરણ અને ચિકારાનો શિકાર કરવા માટે થતો હતો. ચિત્તાની સંખ્યા સતત ઘટવા લાગી. પરંતુ તેના પર કોઈ જ ધ્યાન આપ વામાં આવ્યું નહી. કેટલાક રજવાડા દ્વારા તો આફ્રીકાથી ચિત્તા પણ આયાત કરવામાં આવતા હતા. ભારતમાં છેલ્લાં ૭૦ વર્ષથી ચિત્તાઓ લુપ્ત થઈ ગયા છે. છેલ્લે ભારતમાં ત્રણ ચિત્તાઓ બચ્યા હતા.જે નરજાતિના હતા અને તેમનો મહારાજા રામાનુજ પ્રતાપ સિંઘ દેઓ દ્વારા શિકાર કરાયેલો.અત્રે ઉલ્લેખનીય છે કે મધ્ય ભારતના સુરગુજા સ્ટેટના મહારાજા રામાનુજ પ્રતાપસિંહ દેઓના નામે ૧,૩૬૦ વાઘનો પણ શિકાર કરવાનો વિક્રમ છે.એમણે રાતના સમયે આખરી ત્રણ ચિત્તાનો શિકાર કરેલો. જેની નોંધણી વર્ષ ૧૯૪૮માં થઈ હતી.

એક સમય હતો જ્યારે ભારતમાં દીપડાઓની સારી એવી વસ્તી હતી. પરંતુરાજા-મહારાજાઓએ તેમનો શિકાર કરવાનું શરૂ કરી દીધું. આ ઉપરાંત દીપ ડાની ચામડીનો વેપાર કરવા કરવા માટે પણ તેમનો શિકાર કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં બ્રિટિશ ભારતના જમાનામાં દીપડાઓ ગામમાં ઘૂસી જતા હતા, જેના કારણે લોકો તેમને મારી નાખતા હતા.

આ બધાં કારણોને લીધે ભારતમાં તેમની વસ્તી સતત ઘટતી રહી. ચિત્તા છેલ્લે ૧૯૪૮ માં ભારતમાં જોવા મળ્યો હતો. ૧૯૪૮માં સરગુજાના મહારાજા રામાનુજ પ્રતાપસિંહ દેવે ત્રણ દીપડાઓનો શિકાર કર્યો હતો. આ ભારતનો છેલ્લો ચિત્તો હતો. ૧૯૫૨માં ભારતે ચિત્તાને વિલુપ્ત જાહેર કર્યો હતો. ૧૫૫૬થી ૧૬૦૫ સુધી શાસન કરનારા મુગલ બાદશાહ અકબરના સમયમાં દેશમાં ૧૦ હજારથી વધારે ચિત્તા હતા. અકબર પાસે પણ કેટલાક ચિત્તા રહેતા હતા. જેનો ઉપયોગ તે શિકાર માટે કરતા હતા. કેટલાક રિપોર્ટ્સમાં આ દાવો કરવામાં આવે છે કે એકલા અકબર પાસે જ હજારથી વધારે ચિત્તા હતા.

અકબરના પુત્ર જહાંગીરે પાલાના પરગનામાં ચિત્તાની મદદથી ૪૦૦થી વધારે હિરણનો શિકાર કરાવડાવ્યો હતો. અકબર જ નહી, મુગલકાળ અને તે બાદના તમામ રાજાઓએ શિકાર માટે ચિત્તાનો સહારો લેવાનું શરૂ કરી દીધુ છે. શિકાર માટે રાજા ચિત્તાને કેદ કરવા લાગ્યા હતા.



**મોબાઇલ ડેટા સસ્તા થતા સ્થાનિક ભાષાના વિડિયોની બોલાબાલ**

**પહેલા જ્યાં માત્ર મેટ્રો શહેરના લોકો ડ ઇન્ટરનેટ કામમાં લેતા હતા જો કે હવે શહેરો, ગ્રામીણ વિસ્તારો અને ગામોમાં રહેતા લોકો પણ સ્થાનિક ભાષામાં વિડિયો નિહાળી શકે છે દેશમાં મોબાઇલ ડેટા સસ્તા થઇ ગયા બાદ આની ઉપયોગિતા અનેક ગણી વધી ગઇ છે**

# વિડિયો સ્ટ્રીમિંગનો ક્રેઝ વધી ગયો

**સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઇસ સર્ચ કરે છે : યુટ્યુબ પર ભારતીયો રોજ એક કલાક ૧૧ મિનિટ ગાળી રહ્યા છે**

દેશમાં વિડિયો જોવાનો ક્રેઝ જોરદાર રીતે વધી ગયો છે. સામાન્ય વ્યક્તિની પાસે ઓછી કિંમતમાં સારા મોબાઈલ ફોન હવે પહોંચી ચુક્યા છે. મોબાઈલ ડેટા પણ ખુબ સસ્તા છે. આવી સ્થિતીમાં દરેક વ્યક્તિ સ્થાનિક ભાષામાં કન્ટેન્ટ જોઈ શકે છે. દેશમાં કેટલાક વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. અલબત્ત હજુ પણ યુ ટ્યુબ દેશમાં નંબર વન વિડિયો સ્ટ્રીમિંગ એપ તરીકે છે. આ ફ્રી પણ છે. તેના માટે કોઈ માસિક ચાર્જ લાગુ કરવામાં આવતા નથી. કેટલીક મોટી કંપનીઓ પણ વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. પરંતુ આના માટે યુઝર્સ પાસેથી માસિક અથવા તો વાર્ષિક ચાર્જ વસુલ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં સામાન્ય વ્યક્તિુ યુટ્યુબ પર જ સ્થાનિક ભાષાના વિડિયો જોઈ રહ્યા છે. કેટલાક યુઝર્સ સર્ચ બારમાં યોગ્ય વર્ડ ટાઈપ કરી શકતા નથી. આવી સ્થિતીમાં વોઈસ સર્ચ તેમના માટે ઉપયોગી સાબિત થાય છે. તેઓ બોલીને પોતાના પસંદગીના વિડિયો નિહાળી શકે છે. કેટલાક ભારતીય



લોકો માટે તો ઈન્ટરનેટનો અર્થ જ ઓનલાઈન વિડિયો છે. પહેલા જ્યાં માત્ર મેટ્રો શહેરના લોકો ડ ઈન્ટરનેટ કામમાં લેતા હતા. જો કે હવે શહેરો, ગ્રામીણ વિસ્તારો અને ગામોમાં રહેતા લોકો પણ સ્થાનિક ભાષામાં વિડિયો નિહાળી શકે છે. દેશમાં મોબાઈલ ડેટા સસ્તા થઈ ગયા બાદ આની ઉપયોગિતા અનેક ગણી વધી ગઈ છે. આવી સ્થિતીમાં સ્થાનિક ભાષામાં વિડિયો લાખોની સંખ્યામાં હાલમાં નિહાળવામાં આવે છે. સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઈસ સર્ચ કરી શકે છે. યુટ્યુબ સુધી લાખો ભારતીય લોકોની પહોંચ થઈ ચુકી છે. ભારતમાં યુ ટ્યુબની વાત કરવામાં આવે તો કેટલીક નવી બાબત નિકળીને સપાટી પર આવી જાય છે. દરરોજ એક ભારતીય વિડિયો પર વધુને વધુ સમય ગાળે છે.

વર્ષ ૨૦૨૧માં દરેક ભારતીય વિડિયો પર દરરોજ ૫૨ મિનિટ ગાળી રહ્યો હતો. આ સમય હવે વર્ષ ૨૦૨૨માં વધીને ૬૭ મિનિટ થઈ ગયો છે. વર્ષ ૨૦૨૨મા પણ વૈશ્વિક સ્તરની વાત કરવામાં આવે તો વિશ્વમાં દરેક વ્યક્તિ દરરોજ ૬૭ મિનિટ વિડિયો પર ગાળે છે. કેટલાક સ્થાનિક ભાષાના યુટ્યુબ સ્ટાર્સ ભારે ચર્ચા જગાવી રહ્યા છે. સ્થાનિક ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપની વાત કરવામાં આવે તો પણ આ સંખ્યા વધારે રહે છે.

વર્ષ ૨૦૨૨ના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો તેલુગુ ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપનો આંકડો ૬૭.૪ અબજનો રહ્યો હતો. આવી જ રીતે વર્ષ ૨૦૨૨માં તેલુગુ ભાષામાં યુટ્યુબ સ્થાનિક ભાષામાં વ્યુઅરશીપ આંકડો ૧૨.૭ અબજનો રહ્યો હતો. તમિળ, પંજાબી, મલયાલમ અને ભોજપુરી ભાષામાં પણ આંકડો ખુબ ઉંચો રહેલો છે. ભારતમાં ઈન્ટનેટ યુઝર્સની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. વર્ષ ૨૦૨૨ની વાત કરવામાં આવે તો આ સંખ્યા હવે વધીને ૬૨.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. વિડિયો નિહાળવા માટેનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો વિડિયો નિહાળતા લોકોમાં શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૨૧માં સંખ્યા ૨૯.૫ કરોડની આસપાસ હતી. આ સંખ્યા વર્ષ ૨૦૨૨માં વધીને ૩૩.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૧૮.૬ કરોડજેટલી હતી. જે હવે વર્ષ ૨૦૨૨માં બદલાઈ ગઈ છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૯૭ ટકા મોબાઈલ યુઝર્સ પોતાના મોબાઈલ ડિવાઈસ પર ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૨ સુધી ૭૫ ટકા હિસ્સો વિડિયો સ્ટ્રીમિંગનો રહેનાર છે. કુલ મોબાઈલ ઈન્ટરનેટ યુઝનો આંકડો વધનાર છે. પ્રતિ માસિક એક્ટિવ યુઝરની વાત કરવામાં આવે તો ફેબસબુક પર આ સંખ્યા ૩૧ કરોડની આસપાસ રહેલી છે. જ્યારે યુ ટ્યુબ પર આ સંખ્યા ૨૬.૫ કરોડની આસપાસ રહેલી છે. નિષ્ણાંત લોકો કહે છે કે ૬૦ ટકા યુટ્યુબ વોચ ટાઈમ દેશના છ મોટા મેટ્રો શહેરમાંથી આવે છે. ૯૫ ટકા સુધી સ્થાનિક ભાષાના કન્ટેન્ટને ટાયર બે અને ટાયર ત્રણ શહેરના લોકો નિહાળે છે.

# ખાસ રિસર્ચ દુનિયા બદલવા તૈયાર

**સ્માર્ટ પેપર કમાન્ડથી ફોલ્ડ અને સમતલ થઇ શકશે : પોર્ટેબલ ડિવાઇસ હવાથી પાણી હાર્વેસ્ટ કરી શકવામાં સક્ષમ બની જશે**

સમગ્ર દુનિયામાં વૈત્રાનિકો કેટલીક નવી નવી શક્યતાઓ અંગે માહિતી મેળવી રહ્યા છે. આના કારણે દુનિયા વધારે સલામત અને સુરક્ષિત બનવાની સાથે સાથે સુવિધામાં વધારો થનાર છે. કેટલીક એવી શોધ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે જે ભવિષ્યમાં દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે. આ દિશામાં વૈજ્ઞાનિકો સફળ રીતે આગળ વધી રહ્યા છે. શુ તમને આ બાબતી માહિતી છે કે રશિયામાં જુરાસીક પાર્ક સ્ટાઈલમાં લેબ ખુલનાર છે. આની યોજના વિલુપ્ત પશુ પ્રજાતિઓને ફરી એકવાર જીવિત કરવા માટેની રહેલી છે. આ એક પ્રકારની ક્લોનિંગ લેબ પણ છે. જેમાં હજારો વર્ષ પહેલાના પ્રાણીઓ પણ જોવા મળનાર છે. સમગ્ર દુનિયામાં આ પ્રકારના અનેક વૈજ્ઞાનિક ડેવલપમેન્ટ થઈ રહ્યા છે. જે મોટી સફળતા તરીકે આગળ વધી શકે છે. હાલમાં એક એવી શોધ પણ ઓસ્ટ્રેલિયામાં ચાલી રહી છે જેના કારણે કઈ ઈમારત ધરાશાયી થનાર છે તે અંગે માહિતી મળી જશે. એઓસ્ટ્રેલિયન શોધ કરનાર લોકો દ્વારા એક પ્રકારના ખાસ ટુલ્સ વિકસિત કરવા પર કામ ચાલી રહ્યુ છે. જે કેટલીક રાહત આપનાર છે. આ એવા ટુલ વિકસિત કરવામાં આવી રહ્યા છે જેના કારણે કોઈ ઈમારત ક્યારેય ક્રેક થનાર છે અથવા તો તુટી જાનાર છે તે સંબંધમાં માહિતી મળી જશે. ઈમારતની આધારશીલા કઈ રીતે સરકી રહી છે તે પણ જાણી શકાશે. આ ગ્રાઉન્ડ મોશન પેટર્નનુ મુલ્યાંકન કરવા માટે એપ્લાઈડ મેથ અને બિગ ડેટા એનાલીસીસ કરે છે. આ લેન્ડસ્લાઈટ્સના સમયને ટ્રેક કરે છે. અન્ય એક શોધ એવી પણ થઈ રહી છે જેના કારણે હવે ક્લોથિંગમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રોનિક્સ મારફતે વાતચીત પણ કરી શકાય છે. શોધ કરનાર લોકોએ એક એવા સાધન તૈયાર કરવામાં સફળતા મેળવી છે જે એમ્બેડેડ ઈલેક્ટ્રોનિક્સવાળા એવા ફાઈબર બનાવ્યા છે. જે ફલેક્સિબલ છે. જેમને સોફ્ટ ફેબ્રિક્સમાં મુકી શકાય છે. તેમને વિયરેબલ ક્લોથિંગના રૂપમાં બનાવવામાં આવે છે. ઓટો ઈલેક્ટ્રોનિક્સ સેમી કન્ડકટર ડિવાઈસ સાથે અલગ પડી ગયા બાદ પણ તેને ધોવા લાયક ફેબ્રિક્સમાં નાંખી શકાય છે. તે ક્લોથિંગ ડિવાઈસ સાથે વાતચીત કરી શકે છે. બીજી બાજુ એક સ્માર્ટ પેપર બનાવવા માટેની રીત વિકસિત કરવામાં આવી રહી છે. કન્ડક્ટિંગ થર્મોપ્લાસ્ટિકની પાતળી લેયર સામાન્ય પેપર પર એપ્લાય કરવામાં આવનાર છે. જે રિવર્સેબલ એક્યુએટર તરીકે કામ કરનાર છે. જ્યારે ઈલેકટ્રિકલ કરન્ટ અપ્લાય કરવામાં આવે છે ત્યારે થર્મોપ્લાસ્ટિક ગરમ થઈને વિસ્તૃત બની જાય છે. જેના કારણે પેપર ફોલ્ડ થઈ જશે. જ્યારે કરન્ટ હટાવી દેવામાં આવશે ત્યારે પેપર પોતાના જુના સેપમાં પરત આવી જશે. આવી જ રીતે બ્રિટીશ વૈજ્ઞાનિકો દ્વારા પણ એક ખાસ શોધ પર કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સનલાઈટને કામ લઈને આગળ વધવામાં આવી રહ્યુ છે. પાણીને આના કારણે ડ્રાઈડ્રોજન અને ઓક્સીજનમાં બદલી નાંખવામાં આવનાર છે પાણીને તોડીને સનલાઈટને ફયુઅલમાં ફેરવી નાંખવામાં આવનાર છે.યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજની એક ટીમ દ્વારા આ દિશામાં કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સેમી આર્ટિફિશિયલ ફોટોસિન્થેસિસને કામમાં લઈને સોલર એનર્જી ઉભી કરવામાં આવનાર છે. અન્ય એક શોધની વાત કરવામાં આવે તો વિશાળ અને વિરાટ સ્વરૂપમાં મેગલન ટેલિસ્કોપનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જે ચિલિયન માઉન્ટેન રેન્જની શિખર પર છે જેમાં કોહેરેન્ટ ઓપ્ટિકલ સિસ્ટમ છે. જેના કારણે તે હબલ સ્પેસ ટેલિસ્કોપથી ૧૦ ગણા વધારે શાર્પ ઈમેજ પ્રોડ્યુસ કરી શકે છે. લેજર આધારિત ઓપ્ટિકલની મદદથી ટેલિસ્કોપ વાતાવરણમાં રહેલી દરેક પ્રકારની શક્યતાને ચકાસી શકે છે. અન્ય અનેક પ્રકારની પણ એવી શોધ ચાલી રહી છે જે દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે.





Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# મુલાયમ અને ભરાવદાર વાળ માટે અપનાવો આ નુસખા, વાળની મજબૂતી ચોક્કસ વધશે

આજના સમયમાં હરકોઈ ખરતા વાળને લઈને ચિંતામાં હોય છે. તુટતા અને ખરતા વાળને લઈને લોકોના મનમાં એટલો ડર પેસી ગયો છે કે તે મોંઘા અને કેમિકલ યુક્ત હેર ટ્રીટમેન્ટ લેવા મજબૂર થઈ ગયા છે. જો તમે પણ ભરાવદાર, લાંબા અને મુલાયમ વાળ ઈચ્છો છો તો આ નુસખાઓથી વાળને પુરતુ પોષણ પણ મળશે અને કેમિકલની ઝંઝટ ખતમ થઈ જશે.



**એલોવેરા :** વાળ કે ત્વચાની સમસ્યાને દૂર કરવાની વાત થઈ રહી હોય ત્યાં એલોવેરાનો ઉલ્લેખ ચોક્કસથી કરવામાં આવે છે. એલોવેરા ખરતા વાળની સમસ્યાને દૂર કરવા માટે અકસીર છે. તે સ્કાલ્પને પોષણ આપીને મોઈશ્ચરાઈઝ કરે છે, જેનાથી વાળનો ગ્રોથ વધે છે. એલોવેરાને સ્કાલ્પમાં લગાવીને એક કલાક બાદ રેગ્યુલર શેમ્પુથી વાળ ધૂઓ. આ બે સ્ટેપ્સને રેગ્યુલર અજમાવવાથી પાતળા કે ડેમેજ વાળની સમસ્યા કાયમી દૂર થશે.

**અરીઠા :** અરીઠાનો ઉપયોગ આપણી દાદી-નાનીએ કર્યો છે, જે એક પ્રાકૃતિક અને પ્રાચીન પદ્ધતિ છે વાળને શેમ્પૂ કરવા માટે. જો તમારાં વાળ સતત પાતળા થઈ રહ્યા હોય તો ઘરે આમળા પાઉડર, અરીઠા અને શિકાકાઈ મિક્સ કરીને શેમ્પુ તૈયાર કરી શકો છો. આ ત્રણેયની માત્રા 1:1:1 રાખો. શેમ્પુ તૈયાર કરવા માટે આ મિશ્રણને પાણીમાં નાખીને થોડીવાર ઉકાળો અને આ જ પાણીને વાળ ધોવા માટે ઉપયોગ કરો. વાળ માટે આ ત્રણ મહત્વના ઈન્ગ્રિડિયન્ટ્સ વાળને મૂળથી મજબૂત કરશે ઉપરાંત સ્કાલ્પને પોષણ આપશે.

**ત્રિફળા :** આમળા અને હરિતાકી જેવા એક્ટિવ ઈન્ગ્રિડિયન્ટ્સ સાથે તૈયાર કરવામાં આવતા ત્રિફળા ડેમેજ વાળને રિપેર કરશે અને વાળને ભરાવદાર બનવાશે. હરિતાકીમાં એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-ફંગલ પ્રોપર્ટીઝ રહેલી છે જે સ્કાલ્પને પોષણ આપવા ઉપરાંત ડેન્ડ્રફની સમસ્યા પણ દૂર કરશે. તમે ત્રિફળાને નારિયેળ તેલમાં મિક્સ કરીને વાળમાં અપ્લાય કરી શકો છો અથવા તમારાં ડાયટમાં પણ સામેલ કરી શકો છો.

વાળને પોષણ માટે યોગ્ય ડાયટ ખૂબ જ જરૂરી છે. તમારાં લિવરનું સ્વાસ્થ્ય અને નબળી પાચનશક્તિ પાતળા વાળની સમસ્યાનું મૂળ કારણ હોઈ શકે છે. તેથી જ ત્રિફળાને ડાયટમાં સામેલ કરવાથી આ બંને સ્વાસ્થ્ય સમસ્યા દૂર થશે, તે તમારી ડાયજેસ્ટિવ સિસ્ટમને ડિટોક્સિફાઈ કરશે જેની અસર વાળ પર દેખાશે.

**બ્રાહ્મી :** આયુર્વેદમાં એક ચમત્કારિક પ્લાન્ટ તરીકે ઓળખાતી બ્રાહ્મી વાળને પોષણ આપવાની સાથે સાથે તણાવ દૂર કરશે અને દિમાગને શાંત રાખવામાં પણ મદદ કરશે. બ્રાહ્મી હેર લોસની સમસ્યા દૂર કરશે ઉપરાંત શુષ્ક સ્કાલ્પ અથવા ડેન્ડ્રફના કારણે સતત ખંજવાળને પણ દૂર કરવા માટે ઉપયોગી છે. આ ઉપરાંત બ્રાહ્મી ડેન્ડ્રફ, ખંજવાળ, સ્પ્લિટ એન્ડ્સને પણ દૂર કરે છે. બ્રાહ્મી ઓઈલથી વાળને અવાર-નવાર મસાજ કરવાથી તમને યોગ્ય રિઝલ્ટ મળશે.

# રેન્ડમ એક્ટ ઓફ કાઈન્ડનેસ:લોકોની નાની-નાની મદદ કોઈનું જીવન બદલી કાઢે છે પણ 'લોકો શું વિચારશે' એ વિચાર આપણને કોઈની મદદ કરતા રોકે છે

તમારું દયાભર્યું વલણ, કોઈની નાની એવી મદદ માત્ર તમને કે મદદ મેળવનારને જ નહીં પણ આખા સમાજને ખુશીઓથી ભરી શકે છે. જર્નલ ઑફ એક્સપરિમેન્ટલ સાઈકોલોજીમાં પ્રકાશિત નવા સ્ટડી મુજબ આપણે ઘણીવાર કોઈની મદદ કરી શકવાની સ્થિતિમાં હોવા છતાં એમ વિચારીને પાછળ હટી જઈએ છીએ કે બીજા લોકો શું વિચારશે? આ માનસિકતા આપણને ઘણીવાર લોકોને નાની-નાની મદદ કરતા રોકે છે.

મનોવિજ્ઞાની મેરિસા ફ્રેન્કો કહે છે કે, આપણે આપણા વર્તનના હકારાત્મક પાસા તરફ ધ્યાન નથી આપી શકતા. મદદ માટે સમાજમાં આગળ આવવાની જરૂર હોય ત્યારે મનમાં નકારાત્મકતા આવવા લાગે છે. આ પ્રકારના સ્ટડીમાં આ બાબત સાબિત થયા બાદ લોકો ખચકાટ છોડશે અને પરિચિત/અજાણ્યા લોકોની મદદ કરશે.

### રિસર્ચમાં લોકોને મદદ કરાવવામાં આવી

સ્ટડી માટે જુદા જુદા 8 પ્રયોગ કરવામાં આવ્યા હતા. એક પ્રયોગમાં ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને લોકોની મદદ કરવા જણાવાયું હતું, જેમાં કોઈ અન્ય સ્ટુડન્ટને તેના ઘરેથી કોલેજ લાવવા, કોઈને ચા/કોફી પીવડાવવાની મદદ પણ સામેલ હતી.



અન્ય પ્રયોગમાં 84 લોકોને બે દિવસ ઠંડા સ્થળે રખાયા, જ્યાં તેમને ગરમ ચોકલેટ આપીને કહેવાયું કે આ ચોકલેટ તેઓ ખાઈ શકે છે કે બીજાને આપી શકે છે. 75 લોકોએ તેમની ચોકલેટ બીજાને આપી શકે છે. પછી તેમને રેટિંગ આપવા કહેવાયું કે તેમણે જેને ચોકલેટ આપી તેને કેવું લાગ્યું હશે?

### જે વ્યક્તિએ મદદ કરી છે તેના અનુભવનું સાચું મૂલ્યાંકન કરવું મહત્વપૂર્ણ છે

તેમાંથી જે લોકો સામાન્ય રીતે પણ લોકોની મદદ કરતાં રહેતાં હતાં તેમને લાગ્યું કે આ મોટી વાત નથી અને ચોકલેટ મેળવનારા લોકોને ઝાઝો ફરક નહીં પડ્યો હોય જ્યારે સામાન્ય રીતે લોકોની મદદ ન કરતા લોકોને એવું લાગ્યું કે ચોકલેટ મેળવનારા ખૂબ ખુશ હશે. યુનિવર્સિટી ઑફ ટેક્સાસના માર્કેટિંગ અને મનોવિજ્ઞાનના પ્રોફેસર ડૉ. અમિતકુમાર આ સ્ટડીનો હિસ્સો હતા. તેમણે કહ્યું કે આપણે જેમને મદદ કરીએ છીએ તેમને કેવું લાગ્યું હશે તેનું ખોટું આકલન આપણને મદદ કરતા રોકે છે.

### દયાળુ હોવાના વિચારથી આપણને તકલીફ થાય છે

મિત્રો સાથે મુલાકાત-વાતચીત, ત્યાં સુધી કે મોબાઈલ પર આવેલો મેસેજ પણ આપણને શાંતિ આપે છે. નવા સ્ટડીથી જાણવા મળ્યું કે લોકોની મદદ કરવામાં પણ તેટલી જ શક્તિ હોય છે. મદદ ભલે ગમે તેટલી નાની કેમ ન હોય, તે માનસિક તાણ ઘટાડે છે. ક્લિનિકલ મનોવિજ્ઞાની તારા કૌજિનૌઉ કહે છે કે લોકો દયા ઈચ્છે છે અને છતાં દયાળુ હોવાના વિચારથી તેમને મુશ્કેલી હોય છે.

# ગર્ભવતી મહિલાઓ માટે લીલા નાળિયેર છે અમૃત સમાન....

ગરમીના સમયમાં નાળિયેર પાણી વ્યક્તિની તરસ છીપાવવાની સાથે સાથે શરીરને ઠંડક પણ આપે છે. નાળિયેર પાણીનું સેવન આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે. નાળિયેર પાણીનું સેવન ડિહાઈડ્રેશન, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને વજન વધવા જેવી સમસ્યાઓને દૂર રાખે છે. તેનાથી તમારા બ્યુટી પ્રોબ્લેમ્સ પણ દૂર રહે છે.



મહિલાઓને પ્રેગ્નન્સી દરમિયાન પણ લીલા નાળિયેરનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. એક નાળિયેરનાં પાણીમાં 283 કેલરી અને 41 ટકા ફેટ હોય છે. સાથે-સાથે તેમાં સોડિયમ, પોટેશિયમ, વિટામિન ડી, વિટામિન બી6 મેગ્નેશિયમ તેમજ એન્ટીઓક્સિડન્ટ, મેંગેનીઝ, એમિનો એસિડ અને સાઈટોકાઈન જેવાં પોષકતત્વો પણ હોય છે. આમ તો નારિયેળનું સેવન ગર્ભાવસ્થા દરમિયાન સુરક્ષિત મનાય છે, પરંતુ જેમ કે હંમેશા કહેવાય છે કે, કોઈ પણ વસ્તુની અધિક માત્રા હંમેશા હાનિકારક સાબિત થાય છે.

તેવી જ રીતે તો નારિયેળનું સેવન સિમિત માત્રામાં કરવામાં આવે તો ફાયદો થાય છે અને ખાસ કરીને તે પ્રેગ્નન્ટ વૂમન માટે વધુ હિતકારી છે. નારિયેળમાં વિટામિન E હોય છે. જે બીમારીમાં લડવામાં મદદ કરે છે. આ સિવાય આપ નારિયેળના દૂધ અને તેલનું પણ સેવન કરી શકો છો.

ખાસ કરીને ગર્ભાવસ્થા દરમિયાન, દરેક વ્યક્તિની ફિઝિકલ કંડીશન અલગ-અલગ હોય છે. આ સમય દરમિયાન ડાયટમાં શું લેવું અને શું ન લેવું તેનું ખૂબ જ મહત્વનું છે. માતા જે ખાય છે, તેમાંથી બાળકને પોષણ મળે છે. શું આપ જાણો છો ગર્ભાવસ્થા દરમિયાન નારિયેળ ખાવના અનેક ફાયદા છે.

નારિયેળ ડાયટરી ફાઈબર, સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, મિનરલસ હોર્મોન, એન્જાઈન, વગેરેથી ભરપૂર છે. સીમિત માત્રામાં તેનું સેવન કરવાથી આ એનીમિયાને રોકી શકે છે. યુરિનરી ટ્રેક્ટ ઈંફેક્શન, મોર્નિંગ સિકનેસ અને બ્લડ સરક્યુલેશન યોગ્ય કરે છે અને સોજાની સમસ્યાને પણ દૂર રાખે છે.

નારિયેળમાં મીડિયમ ચેઈ ટ્રાઈગ્સિરાઈડસ ફેટ હોય છે અને કહેવાય છે કે, આ શરીરમાં જમા ફેટને ઓછામાં મદદ કરે છે. આ માટે ગર્ભાવસ્થા દરમિયાન નારિયેળના દૂધનું સેવન કરવાથી સારૂ ફેટ પ્રાપ્ત થાય છે. ઉપરાંત તે બાળકના વિકાસમાં પણ મદદરૂપ થાય છે. તે યુરિન અને બ્રેસ્ટ મિલ્ક વધારવામાં પણ મદદ કરે છે.

# આધારકાર્ડમાં ફેરફાર માટે ધક્કા ખાવાની જરૂર નહીં ઘરે બેસીને આધારકાર્ડમાં અપડેટ કરી શકો છો એડ્રેસ

આજે આધારકાર્ડ એક અગત્યનું ડોક્યુમેન્ટ બન્યું છે. આધારકાર્ડમાં તમારી બધી જ જાણકારી જેવી કે, નામ, મોબાઈલ નંબર, એડ્રેસ, જન્મ તારીખ સાચી હોવી જરૂરી છે. પરંતુ ઘણીવાર નોકરિયાત લોકોની બીજા શહેરમાં બદલી થતા આધારકાર્ડમાં એડ્રેસ કેવી રીતે બદલી શકાય તે માટે મુંઝવણમાં હોય છે. પરંતુ આ મુંઝવણને તમે ગણતરીની મિનિટમાં દૂર કરી શકો છો. જો તમારે આધારકાર્ડમાં એડ્રેસ બદલવું હોય તો તમારે સેન્ટર પર જવાની જરૂર નથી. તમે ઘરે બેસીને ઓનલાઈન પણ એડ્રેસ અપડેટ કરી શકો છો. આ માટે તમારે 50 રૂપિયાનો ચાર્જ આપવો પડશે.

- સૌથી પહેલાં તમારે UIDAIની ઓફિશિયલ વેબસાઈટ myaadhaar.uidai.gov.in/ પર જાઓ.
- અહીં લોગીન કર્યા બાદ તમારે તમારો 12 આંકડાનો આધારનંબર નાખવો પડશે. આ બાદ કેપ્ચા કોડ ટાઈપ કરીને OTP પર ક્લિક કરો.
- આ બાદ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર એક OTP આવશે. તે નાખીને લોગીન કરો.
- આ બાદ આધાર અપડેટ વિકલ્પ પર ક્લિક કરો. આ બાદ પ્રોસીડ ટુ આધાર અપડેટના વિકલ્પ પર ક્લિક કરો.
- આ બાદ બીજા પેજ પર એડ્રેસ પર સિલેક્ટ કરીને પ્રોસીડ ટુ આધાર અપડેટ પર ક્લિક કરો.
- આ બાદ તમારી સામે તમારું જે હાલનું એડ્રેસ છે તે આવશે.
- આ બાદ તમે જે એડ્રેસ અપડેટ કરવા ઈચ્છો છો તેનો વિકલ્પ આવશે.
- જેમાં તમારે નવા એડ્રેસની માહિતી આપવી પડશે.
- એડ્રેસમાં ફેરફાર કરવા માટે એક ડોક્યુમેન્ટ સબમિટ કરવું પડશે જેમાં નવું એડ્રેસ હોય.
- આ પછી, તમારે નીચે આપેલા બંને ચેક બોક્સ પર ક્લિક કરીને નેક્સ્ટ પર ક્લિક કરવું પડશે.
- હવે તમારી પાસે પેમેન્ટનો વિકલ્પ હશે. અહીં તમે ઈચ્છો તે રીતે યુપીઆઈ નેટ બેન્કિંગ અથવા કાર્ડ દ્વારા પેમેન્ટ કરી શકો છો.
- પેમેન્ટ પૂરું થતાં જ તમને એક રસીદ મળી જશે. આ પછી 2 દિવસમાં આધારકાર્ડ અપડેટ થઈ જશે.
- દેશમાં 134 કરોડ લોકો પાસે આધારકાર્ડ. આ વર્ષ જુલાઈ મહિનાના અંતર સુધીમાં 134 કરોડથી વધારે લોકોના આધારકાર્ડ બની ચુક્યા છે. મંત્રાલય તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર, 26 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના 90% નાગરિકોના આધારકાર્ડ બની ચુક્યા છે. આઈટી મંત્રાલયના જણાવ્યાં અનુસાર, જુલાઈ 2022માં જ 1.47 કરોડ લોકોએ પોતાનું આધારકાર્ડ અપડેટ કર્યું છે.




# દુનિયાના 5 જાદુઈ સ્થળો, જ્યાં થાય છે સમુદ્ર અને રણનું મિલન



## આફ્રિકા

સહારા રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. સહારા પશ્ચિમમાં એટલાન્ટિક મહાસાગર અને પૂર્વમાં લાલ સમુદ્રને ટચ થાય છે. આ સ્થળની આસપાસ કેટલાક નગરો પણ વસેલા છે. લાલ અને પીળા રંગમાં રંગાયેલા સુંદર નાના ઘરો આ સ્થળની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. એટલાન્ટિક મહાસાગર અને એટલાસ પર્વતો વચ્ચે આવેલા સેંકડો જૂના પથ્થરના સ્મારકો પણ છે.

## ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયન રણ ત્યાં હિંદ મહાસાગરને મળે છે. ઓસ્ટ્રેલિયન શહેર પર્થ તેના તટીય શહેરો માટે જાણીતું છે, જે ચૂનાના પત્થરોથી ઘેરાયેલા છે. અહીં પણ રણ અને સમુદ્રનું મિલન ખૂબ જ સુંદર લાગે છે. હિંદ મહાસાગરના ચમકતા વાદળી પાણીની સામેના ખડકો એકદમ અલગ લાગે છે. મહાસાગર દેશના કેટલાક બેસ્ટ કોરલ રીફ્સ માટે જાણીતું છે. સમગ્ર વિસ્તારને એક્સપ્લોર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## ચિલી

અટાકામા રણ અહીં પ્રશાંત મહાસાગરને મળે છે. મહાસાગર અને રણ અહીં ઉત્તર ચિલીના એન્ટોફાગાસ્તા પ્રદેશમાં મળે છે. આ સ્થળ અનેક નાઈટ્રેટ માઈનિંગ ટાઉનોથી ઘેરાયેલું છે. કપલ્સ માટે ચિલીનો નજારો પણ ઘણો રોમેન્ટિક હોય છે. આ પ્રદેશમાં મુલાકાત લેવા માટેના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક લોસ ફ્લેમેંકોસ નેશનલ રિઝર્વમાં ચંદ્રની ખીણ છે. અહીંની રાતો એકદમ જાદુઈ લાગે છે.

## એન્ટાર્કટિકા

ધ્રુવીય રણ મહાસાગરને મળે છે. આપણે સામાન્ય રીતે રણને ગરમ અને શુષ્ક શબ્દો સાથે જોડીએ છીએ, પરંતુ એન્ટાર્કટિકાના ધ્રુવીય રણ ખૂબ જ અલગ છે. દરેક જગ્યાએ તમને બરફ દેખાશે. રણની જગ્યાએ કેટલી ઠંડી હોય છે તે સાંભળીને તમને પણ નવાઈ લાગશે, પરંતુ આ સત્ય છે. એક બર્ફીલા રણ, એન્ટાર્કટિક ધ્રુવીય રણ સમગ્ર ખંડમાં વિસ્તરેલ છે.

## આફ્રિકા

નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ, નામિબ રણ એક ખૂબ જ સુંદર સ્થળ છે. આ સુંદરતા એ છે કે નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. અહીં વસ્તી વધારે નથી, કારણ કે આ દરિયાકાંઠાના વિસ્તારમાં માત્ર થોડી વસાહતો રહે છે. આ પ્રદેશના કેટલાક મુખ્ય આકર્ષણોમાં ડોરોબ નેશનલ પાર્ક અને નામિબ-નૌક્લુફ્ટ નેશનલ પાર્કનો સમાવેશ થાય છે.

# ચહેરાને ચમકદાર, વાળને સીધા બનાવશે ભીંડો, કરો બસ આ એક નાનકડું કામ

ભીંડો. એક એવું શાક જે લગભગ દરેક ઘરમાં મળે છે અને નાનાથી લઈને મોટા સુધી સૌને પસંદ આવે છે. તે સ્વાદમાં સારી છે અને સ્વાસ્થ્ય માટે પણ. ભીંડો એન્ટિ ઓક્સિડન્ટ અને મિનરલ્સથી ભરપૂર હોય છે. સાથે તેમાં અનેક પોષક તત્વો હોય છે. તે ત્વચા અને વાળને પણ ફાયદો કરાવે છે. તો આજે અમે તેમન જણાવીશું ભીંડાના ફાયદા અને તેની સાથે કરવાનો ઉપયોગી ઉપાયો.



### ચહેરો બનાવશે ચમકદાર

ભીંડો ત્વચા માટે ખૂબ જ સારો છે. તે આપણી ત્વચાનું કોલેજન લેવલ વધારે છે, જે એન્ટી એજિંગનું કામ કરે છે. સાથે તે ચહેરાને ચમકદાર અને સોફ્ટ પણ બનાવે છે. આ માટે ચાર-પાંચ ભીંડા ધોઈને કાપી લો. તેને પાણીમાં ઉકાળી લો અને મિક્સરમાં પીસી લો. બાદમાં આ જેલને ચહેરા પર લગાવો અને હળવા હાથોથી મસાજ કરી 15-20 મિનિટ રહેવા દો. બાદમાં પાણીથી ધોઈ લો. આટલું કરવાથી તમારો ચહેરો ચમકવા લાગશે.

### વાળને કરશે સ્ટ્રેટ

ભીંડામાં એવા તત્વો મળે છે જે વાળને ખૂબ જ ફાયદો કરાવે છે. વાળને મજબૂતની સાથે સિલ્કી અને શાઈની પણ બનાવે છે. વાળ માટે ભીંડાનો ઉપયોગ કરવા માટે સૌથી પહેલા 8 થી 10 ભીંડા કાપી લો. તેને પાણીથી ધોઈલો અને મિક્સીમાં મુકીને પીસી લો. હવે તેને એક કપડામાં લઈ નીચોી લી. તેમાં કોર્ન ફ્લોર નાખી એક મિશ્રણ તૈયાર કરો. અને તેને ઘાટું થાય ત્યાં સુધી પકાવી લો. આ પેસ્ટને વાળમાં નાખો. 30 થી 50 મિનિટ સુધી તેને રાખો અને પછી વાળ ધોઈ લો. આવું નિયમતિ રીતે કરવાની વાળ સિલ્કી, શાઈની અને સ્ટ્રેઈટ થશે.

# આ ગામની મહિલાઓના વાળ છે દુનિયામાં સૌથી લાંબા, જાણો શું છે તેની પાછળનું રહસ્ય

ચીનની મહિલાઓ તેમના વાળ માટે ખૂબ જ જાણીતી છે. રેશમ જેવા વાળ તેમની ઓળખ છે. ત્યારે આજે વાત કરીશું ચીનના એક પ્રાચીન ગામ હુઆંગ્લુઓની. જ્યાંની મહિલાઓના વાળ દોઢ થી બે મીટરથી પણ વધુ લાંબા છે. આ ગામને લોન્ગ હેર વિલેજના નામે પણ ઓળખવામાં આવે છે. આ માટે તેનું નામ ગિનિઝ બુક ઑફ રેકોર્ડમાં પણ નોંધાયેલુ છે. અહીના સ્થાનિક લોકોનું માનવું છે કે, મહિલાઓના વાળની લંબાઈ જેટલી હશે એટલો જ તેનો પરિવાર ભાગ્યશાળી રહેશે.

### ગિનિઝ બુકમાં નોંધાયું છે નામ

તમને સાંભળીને આશ્ચર્ય થશે કે આ ગામનું નામ ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ છે. સૌથી લાંબા વાળ ધરાવતા ગામનો દરજ્જો આ ગામને મળ્યો છે. ચીનના આ ગામને લોન્ગ હેર વિલેજ પણ કહેવામાં આવે છે. આ ગામનું નામ હુઆંગ્લુઓ છે. જે જિનશા નદીના કિનારે આવેલું છે. અહીં રેડ યાઓ લોકો રહે છે અને આ મહિલાઓ તેમના લાંબા, ઘટાદાર અને કાળા વાળ માટે જાણીતી છે.

### જીવનમાં એક જ વાર કાપી શકે વાળ

આ ક્ષેત્રની એક ખાસ વિશેષતા છે કે અહીંની મહિલાઓ જીવનમાં માત્ર એક જ વાર વાળ કાપી શકે છે. 18માં જન્મદિવસે અહીંની મહિલાઓ વાળ કપાવી શકે છે. જેનો અર્થ એ થાય છે કે, છોકરી હવે લગ્ન માટે તૈયાર થઈ ગઈ છે. આ ગામની મહિલાઓ જ્યારે લગ્ન માટે જીવનસાથીની શોધ કરતી હોય છે ત્યારે પોતાના વાળને ઢાંકીને રાખે છે. છોકરીના કપાયેલા વાળને તેના દાદી સંભાળીને રાખે છે. લગ્ન બાદ તે વરરાજાને ભેટ આપવામાં આવે છે. કુંવારી છોકરીઓ પોતાના વાળ સૌથી પહેલા પતિને જ બતાવે છે.



### આ છે લાંબા વાળનું રહસ્ય

અહીંની મહિલાઓના લાંબા વાળનું રહસ્ય છે ચોખાનું પાણી. જેને તેઓ શેમ્પુની જેમ યુઝ કરે છે. સાથે તેઓ ત્યાંની નદીના પાણીથી વાળ ધુએ છે.આ ગામમાં દર વર્ષે 3 માર્ચે લોંગ હેર ફેસ્ટિવલ મનાવવામાં આવે છે. જેમાં મહિલાઓ ગાઈને અને ડાન્સ કરીને પોતાના વાળનું પ્રદર્શન કરે છે. જેને જોવા માટે ટૂરિસ્ટો ખાસ આવે છે.

### સફેદ વાળમાં જોવા મળશે 'ખિલાડી'

# 'સરફિરા' બાદ હવે અક્ષય કુમારની વધુ એક ફિલ્મનો લુક આવ્યો સામે



અક્ષય કુમાર આ વર્ષની શરૂઆતથી જ બે ફિલ્મો દર્શકો માટે લાવ્યા છે. આ વર્ષે રીલિઝ થયેલી તેની બંને ફિલ્મો ફ્લોપ સાબિત થઈ ગઈ હતી. 'બડે મિયાં છોટે મિયાં'ની નિષ્ફળતા બાદ રિલીઝ થયેલી 'સરફિરા'ને પણ બોક્સ ઓફિસ પર ભારે નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે.દમદાર સ્ટોરી હોવા છતાં લોકો આ ફિલ્મ જોવા નથી આવી રહ્યા. સતત ૯ ફ્લોપ ફિલ્મો આપ્યા બાદ હવે અક્ષય કુમાર વધુ એક નવી ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ ફિલ્મમાં તેની સાથે અન્ય ઘણા કલાકારો પણ જોવા મળશે. તાજેતરમાં જ ફિલ્મ 'ખેલ ખેલ મેં'નું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે, જે એક રોમાંચક, રોલરકોસ્ટર રાઈડ તરફ નિર્દેશ કરે છે. આમાં, તમને રમૂજ, રસપ્રદ વાર્તાલાપ અને ઘણું બધું જોવા મળશે.અક્ષય કુમારે આ ફિલ્મના મોશન પ ોસ્ટરની ઝલક આપતી એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી છે. તેના કેપ્શનમાં, અભિનેતાએ લખ્યું, 'યારો વાલા ખેલપયારી વાલા પિક્ચર !' બેન્ડ બાજાના માહોલમાંપ બેન્ડ બજાને વાલી પિક્ચર ! વર્ષના સૌથી મોટા કૌટુંબિક મનોરંજન કરનારને કહો 'હેલો' કહો ! ખેલ ખેલ મેં ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. અક્ષય સિવાય ફિલ્મની બાકીની કાસ્ટ આ મોશન પોસ્ટમાં જોવા મળે છે. અક્ષય કુમારનો લુક પણ સામે આવ્યો છે, જેમાં તેણે આ ફિલ્મ માટે ગ્રે હેર લુક પહેર્યો છે. [

# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

### કોલેજમાં બહુ ઝઘડતાં હતા



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે 'હુ નોનવેજ ખાતો નથી પ રંતુ મારી પત્ની જયા ખાય છે.'અમિતાભે કહ્યું, 'હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિ તા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યુ કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.'અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્ક્રીન પર લડત ખૂબ અનરિયલ હોય છે.

# વિવેક અગ્નિહોત્રિની 'ધ દિલ્હી ફાઇલ્સ' ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે

### 3 ઓક્ટોબરે આ ફિલ્મનું પહેલું પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે, જેમાં એક નાનું બાળક ઉભું થઈને રાષ્ટ્રીય પ્રતીકને અડવાની કોશિશ કરતું દેખાય




ફિલ્મ મેકર વિવેક અગ્નિહોત્રિએ ગુરુવારે તેમની આવનારી ફિલ્મ 'ધ દિલ્હી ફાઈલ્સ'ની રિલીઝ ડેટ અંગે જાહેરાત કરી છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર આ અંગે જાહેરાત કરી હતી કે તેઓ આગમી વર્ષમાં સ્વતંત્રતા દિવસે તેમની ફિલ્મ રિલીઝ કરશે. વિવેક અગ્નિહોત્રિ 'ધ કાશ્મીર ફાઈલ્સ' અને 'ધ વેક્સિન વોંર' જેવી ફિલ્મો માટે જાણીતા છે. તેમણે આગામી ફિલ્મની તારીખ જાહેર કરતાં પ ોસ્ટમાં લખ્યું,''તમારા કેલેન્ડરમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ની તારીખ નોંધી રાખો. વર્ષોના સંશોધન પ છી, 'ધ દિલ્હી ફાઈલ્સ'ની સ્ટોરી એક ભાગમાં કહેવી શક્ય નથી. અમે આપની સમક્ષ બે ભાગમાંથી પહેલો 'ધ બેંગાલ ચેપ્ટર' રજૂ કરવા ખુબ ઉત્સુક છીએ, જે આપ ણા ઈતિહાસનું એક મહત્વનું પ્રકરણ આપની સમક્ષ ખુલ્લું મુકાશે અમને આશીર્વાદ આપજો અને તારીખ નક્કી કરી રાખજો.'' તેમણે પોતાના ફૅન્સને એવું પણ કહ્યું કે આ ફિલ્મ પહેલાં એક જ ભાગમાં રજૂ થવાની હતી, તે હવે બે ભાગમાં રજૂ થશે. જેમાં પહેલા ભાગને 'ધ બેંગાલ ચેપ્ટર' નામ આપવામાં આવ્યું છે. ૩ ઓક્ટોબરે આ ફિલ્મનું પહેલું પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે. જેમાં એક નાનું બાળક ઉભું થઈને રાષ્ટ્રીય પ્રતીકને અડવાની કોશિશ કરતું દેખાય છે. વિવેક અગ્નિહોત્રિનાં પત્ની પલ્લાવી જોષી આ ફિલ્મમાં કૉપ્રોડ્યુસર ઉપ રાંત એક્ટર તરીકે પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. એ ઉપ રાંત મિથુન ચક્રવર્તી, અનુપમ ખેર, પુનિત ઈસ્સાર, ગોવિંદ નામદેવ, બબ્બુ માણ અને પાલોમી ઘોષ જેવા કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે.

# બેગમ નૌરીને ૭૭ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ



સિંગર અદનાન સામી ની માતા બેગમ નૌરીન સામીનું નિધન થયું છે, જેની માહિતી અદનાને પોતે સોશિયલ મીડિયા પર આપી છે. અદનાન સામી તેની માતાના અવસાનથી દુઃખી છે અને તેણે ભાવનાત્મક પોસ્ટ શેર કરીને બેગમ નૌરીનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. થોડા દિવસો પહેલા બોલિવૂડ અભિનેત્રી મલાઈકા અરોરાના પિ તાના નિધનથી મનોરંજન જગત આઘાતમાં હતું અને હવે અદનાન શમીની માતાના નિધનના સમાચારે ફરી એકવાર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને હચમચાવી દીધી છે. અદનાને ખુદ તેની માતા બેગમ નૌરીન સામીના નિધનની જાણકારી સોશિયલ મીડિયા પર આપી છે.આ સમાચારથી ગાયક અને તેના પરિવાર માટે ભારે દુખ થયું છે. આ સિવાય અદનાન સામીએ તેની માતાને શ્રદ્ધાંજલિ આપતા સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ પોસ્ટ પણ શેર કરી છે.

# કેટરિના વિકીના ઘરે યોજાયેલી પાટીનું મેનુ નક્કી કરે છે : તૃપ્તિ ડિમરી

### તૃપ્તિ ડિમરી જાણે છે કે સ્ટ્રીટ ફૂડ ક્યાંથી મેળવવું

તૃપ્તિની ફૂડ વિશેની વિશેષતા વિશે જણાવતાં નેહાએ કહ્યું કે, 'ફૂડમાં તેની પસંદગી ખૂબ જ રસપ્રદ છે. જ્યારે અમે સિમલામાં શૂટિંગ કરતા હતા ત્યારે તૃપ્તિ રસપ્રદ જગ્યાઓ શોધતી હતી. તે મને કહેતી કે શ્રેષ્ઠ મોમોસવાળી આંટી ક્યાં બેસે છે અને હું કારમાં ત્યાં પહોંચતો. હાલમાં જ રીલિઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરીની કેમેસ્ટ્રી જોઈને દર્શકોના દિલો દીવાના થઈ રહ્યા છે. આ બંને કલાકારોએ ફિલ્મ માટે તેમના શરીર પર કેટલું વિશેષ ધ્યાન આપ્યું છે, જેઓ સ્ક્રીન પર એક સાથે અદ્ભુત દેખાઈ રહ્યા છે, તે 'જાનમ' ગીતમાં જ દેખાય છે. પરંતુ નેહા ધૂપિયાના મતે, વિકી અને તૃપ્તિ વચ્ચે 'બિગ ફૂડી' પસંદ કરવી ખૂબ મુશ્કેલ છે. 'બેડ ન્યૂઝ' એ વાસ્તવિક જીવનના મિત્રો નેહા ધૂપિયા, વિકી કૌશલ અને કરણ જોહરને ફરી એકવાર સાથે કામ કરવાની તક આપી છે. ફિલ્મમાં નેહાનો રોલ ઘણો નાનો છે, પ રંતુ તેણે હવે કહ્યું છે કે તેણે ફિલ્મના સેટ પર ખૂબ જ મસ્તી કરી હતી. વાત કરતી વખતે નેહાએ જણાવ્યું કે તેણે સેટ પર વિક્કી સાથે ઘણો સમય વિતાવ્યો પરંતુ કરણ ઓછો આવ્યો કારણ કે તે ફિલ્મનો નિર્માતા હતો અને નિર્દેશકો સાથે તેમના કામમાં દખલ કરવા માંગતો ન હતો. પરંતુ ફિલ્મના સેટ પર લોકોએ એકસાથે ઘણું બધું ખાધું હતું. નેહાએ કહ્યું, 'દરેક માઈલ એક સમારોહ હતો. જો તમે સેટ પર સૌથી મોટા ખાણીપીણી પસંદ કરો છો, તો વિકી અને તૃપ્તિ ખૂબ જ નજીક રહેશે. એકવાર અમે જૂની દિલ્હીમાં શૂટિંગ કરી રહ્યા હતા અને વિકી ત્યાંના સૌથી અધિકૃત ખોરાકની ઈચ્છા રાખતો હતો. અને જ્યારે મેં બધો ખોરાક જોયો, ત્યારે મને મારી ચિંતા થવા લાગી.



# શું બાલિકા વધુની અભિનેત્રી "આનંદી"એ કરી લીધા લગ્ન !

તમને બધાને કલર્સ ટીવીની ફેમસ સિરિયલ 'બાલિકા વધૂ' તો યાદ જ હશે. આ શોની લીડ કેરેક્ટર છોટી આનંદી એટલે કે અવિકા ગૌર આજે પણ લોકો તેને યાદ કરી વખાણ કરતા થાકતા નથી. અવિકા લાંબા સમયથી આ સીરિયલનો ભાગ રહી. આ પ છી તે 'સસુરાલ સિમર કા'માં રોલીના રોલમાં જોવા મળી હતી. હિટ શો કરી ચુકેલી અવિકાએ લગ્નને લઈને હાલ મોટો ખુલાસો કર્યો છે. તાજેતરમાં અવિકા ભારતી સિંહ અને હર્ષ લિમ્બાચીયાના પોડકાસ્ટમાં જોવા મળી હતી, જ્યાં અભિનેત્રીએ તેના અંગત જીવન વિશે ખુલીને વાત કરી હતી. આ દરમિયાન અવિકાએ એક ચોંકાવનારો ખુલાસા કર્યા હતા, જેના વિશે સાંભળીને ભારતી અને હર્ષ પણ ચોકી ગયા હતા. હકીકતમાં, પોડકાસ્ટ શોમાં, જ્યારે ભારતી સિંહે અવિકાને લવ લાઈફ પર સવાલ કર્યો ત્યારે અવિકાએ મિલિંદ ચંદવાની સાથેના તેના સંબંધો વિશે ખુલાસો કરી દીધો.અવિકા ગૌરે કહ્યું 'મિલિંદ ચંદવાની અને હું ૪ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છીએ અને મેં મારા મનમાં મિલિંદ સાથે લગ્ન કરી લીધા છે.''અમે માનીએ છીએ કે સંબંધમાં ક્યારેય ઉતાવળમાં નિર્ણય ન લેવા જોઈએ. આ જ કારણ છે કે ળેડઝોનમાં ૬ મહિના રહ્યા પછી મિલિંદે મને પ્રપોઝ કર્યુ.



# અભિનેતાએ કેવી રીતે પોતાને પીટવાથી બચાવ્યો?

વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. બોલિવૂડ એક્ટર વિકી કૌશલ આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. અભિનેતાએ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. પરંતુ વિકીએ તેની કારકિર્દીની શરૂઆત આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કરી હતી. અનુરાગ કશ્યપની ગેંગ્સ ઓફ વાસેપુરના શૂટિંગ દરમિયાન તેને માર મારવામાં આવ્યો હતો. વિકીએ પોતે આ સ્ટોરી શેર કરી છે. વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. વિકીએ તન્મય ભટ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું- ફિલ્મમાં બતાવવામાં આવેલ કોલસાની દાણચોરી સાચી હતી. અમે તેને ગોળી મારી. અમે ગેરકાયદે રેતી ખનનનું સ્થળ કબજે કરવા ગયા હતા ત્યારે એક ઘટના બની હતી. મને આશ્ચર્ય થયું કારણ કે પછી મને પહેલીવાર સમજાયું કે તે એટલું ખુલ્લેઆમ થાય છે કે તમે વિચાર પણ નહીં કરો કે તે વાસ્તવમાં હેરફેર છે. તમે વિચારશો કે આ એક સારી રીતે ચાલતો ધંધો છે કારણ કે ત્યાં માત્ર બે ટ્રક પાર્ક ન હતી, ત્યાં ૫૦૦ ટ્રક પાર્ક હતી. વિકીએ વધુમાં જણાવ્યું કે જ્યારે તે ફિલ્મ કરી રહ્યો હતો ત્યારે ૫૦૦ લોકોએ તેને ઘેરી લીધો હતો.



# નવરાત્રિમાં અનન્યા પાંડેથી ઈન્સ્પાયર્ડ ઝટપટ સ્ટાઈલ હોટ ફેવરિટ

### નવરાત્રિમાં અભિનેત્રી અનન્યા પાંડેથી ઇન્સ્પાયર્ડ ઝટપટ સ્ટાઇલ હોટ ફેવરિટ

નવરાત્રિમાં દરેક છોકરીને આજે કયા ચણિયાચોળીને કઈ રીતે પહેરવા અને તેમાં નવો લૂક કઈ રીતે મેળવવો એ સમસ્યા દરરોજ સતાવે છે, ત્યારે કેટલીક ક્વિક સ્ટાઈલ અને કોમ્બિનેશનની ટીપ્સ અનન્યા પાસેથી મેળવી શકાય છે. તાજેતરમાં જ અનન્યા પાંડેએ એક સિમ્પલ, પણ દરેક છોકરીને ગમે તેવી ફ્યુઝન સ્ટાઈલમાં ફોટો શેર કર્યા હતા, જે નવરાત્રિ ૨૦૨૪ માટે ઉપયોગી થઈ શકે છે. સાથે તમે ઈન્ડો વેસ્ટર્ન કે ફ્યુઝન થીમ માટે અપસાઈકલ ફેશન સાથે પણ પર્ફેક્ટ લૂક મેળવી શકો છો. તેણે ગ્રીન અને બ્લૅક ડ્રેસમાં ગોલ્ડન ટચ સાથેની તસવીરો શેર કરી હતી. જેમાં તેણે બ્લેક ટોપ સાથે લોંગ ગ્રીન બ્રોકેડ સ્કર્ટ પહેર્યું હતું. તેના પર બારીક ગોલ્ડન એમ્બ્રોઈડરી પણ કરેલી હતી. તમે પણ કોઈ પણ પ્લેઈન ટીશર્ટ સાથે આ રીતે તમારા મમ્મી કે દાદીની જૂની બ્રોકેડ સાડીમાંથી પણ આ પ્રકારનું સ્કર્ટ બનાવડાવીને પહેરી શકો છો. સાથે તેણે જ્વેલરીમાં પણ ફ્યુઝન કરીને ગોલ્ડન અને સિલ્વર એમ ડ્યુઅલ ટોનવાળી જડતર, પોલકી અને કુંદનનું એક શોર્ટ નેકલેસ અને એક લાંબો હાર પહેર્યો હતો. તેમાં તેણે રૂબી અને માણેકનું કોમ્બિનેશન કરીને ટ્રેડિશનલ ટચ પણ આયો હતો. જ્યારે ઈઅરિંગ્ઝમાં રૂબીવાળા ટોપ્સ અને હાથમાં આવી જ રુબીની રિંગ સાથે ટ્રેડિશનલ ટચ આપ્યો હતો. તેણે હાથ અને કાનમાં મિનિમલ જ્વેલરી પ હેરી હતી. મેકઅપ ન્યુટ્રલ રાખીને તેણે આઉટફિટને મહત્વ આપ્યું હતું, તો બિંદી લગાવીને લૂકને વધુ ઈન્ડિયન ટચ આપ્યો હતો. આમ આ પ્રકારના લૂક માટે તૈયાર થવામાં ઓઢણીની પાટલી અને પીનની ઝંઝટમાંથી છૂટકારો મળવાની સાથે તમે વધુ કમ્ફર્ટેબલી ગરબા પણ રમી શકો છો.





### તારીખ જાહેર કરવામાં આવી

# બંધ થવા જઈ રહ્યા છે કેદારનાથ મંદિરના દરવાજા

। નવી દિલ્હી, તા.૧૦ ।

શ્રી કેદારનાથ મંદિરના દરવાજા ૩ નવેમ્બર, ભાઈબીજના દિવસે સવારે ૮.૩૦ વાગ્યે ભક્તો માટે બંધ કરવામાં આવશે. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી વિજય પ્રસાદ થાપલિયાલે પોતે આ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે દરવાજા બંધ થયા બાદ ભગવાન કેદારનાથની ચાલતી શોભાયાત્રા તેના શિયાળુ વિશ્રામ સ્થાન તરફ આગળ વધશે.કેદારનાથના દરવાજા બંધ થયા બાદ ભક્તો ભગવાન કેદારનાથની ચાલતી પાલખીને ખભા પર લઈને આગળ વધશે. એ જ દિવસે રામપુરમાં રાત્રિ આરામ થશે. ત્યારબાદ ૪ નવેમ્બરે ડોલી રામપુરથી ઉપડશે અને ફાટા અને નારાયણ કોટી થઈને ગુપ્તકાશી પહોંચશે. ત્યારપછી રાત્રી આરામ અહીં જ કરવામાં આવશે.૫મી નવેમ્બરે સવારે ભક્તો ચલ-વિગ્રહ ડોળી લઈને આગળ વધશે. આ પછી ચલ-વિગ્રહ ડોલી તેના શિયાળુ વિશ્રામ સ્થાન શ્રી ઓમકારેશ્વર મંદિર (ઉખીમઠ) પહોંચશે. જ્યાં પરંપરાગત પૂજા સાથે ભગવાન કેદારનાથની પાલખીને ગદ્દી સ્થળ પર બિરાજમાન કરવામાં આવશે.ખરેખર, કેદારનાથ મંદિર ઠંડીની મોસમમાં બરફથી ઢંકાઈ જાય છે અને તેથી ઉખીમઠમાં ભગવાન કેદારનાથની પૂજા કરવામાં આવે છે. દર વર્ષે આ અવસરે ભગવાન કેદારનાથની ડોળી યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે.

### વિશ્વના દેશોમાં ફફડાટ

# ઇઝરાયેલ સામે યુદ્ધ વચ્ચે ઇરાન દ્વારા પરમાણુ બોમ્બ બનાવ્યો હોવાની અટકળો

**૫ ઓક્ટોબરે સવારે ૧૦:૪૫ કલાકે ઈરાનના સેમનાન પ્રાંતમાં રિક્ટર સ્કેલ પર ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, એ ભૂકંપ બાદ ચર્ચા શરૂ થઈ ગઈ કે એ ખરેખર ભૂકંપ જ હતો કે પછી ઈરાને પરમાણુ પરીક્ષણ કર્યું છે?**

। નવી દિલ્હી, તા.૧૦ ।

૫ ઓક્ટોબરે સવારે ૧૦:૪૫ કલાકે ઈરાનના સેમનાન પ્રાંતમાં રિક્ટર સ્કેલ પર ૪.૪ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. એ ભૂકંપ બાદ ચર્ચા શરૂ થઈ ગઈ કે એ ખરેખર ભૂકંપ જ હતો કે પછી ઈરાને પરમાણુ પરીક્ષણ કર્યું છે? આમ તો ઈરાન એવો દેશ છે જ્યાં ભૂકંપ આવવો આશ્ચર્યની વાત નથી, પરંતુ સેમનાનના ભૂકંપને લોકો પરમાણુ પરીક્ષણ માની રહ્યા છે. સાથે એવા પ્રશ્નો પણ પુછાઈ રહ્યા છે કે, ઈરાન પાસે પરમાણુ હથિયાર બનાવવાની ટેક્નોલોજી છે ખરી? અને છે તો કયા દેશે એને એ ટેક્નોલોજી આપી? સામાન્ય રીતે કુદરતી ભૂકંપ આવ્યા પછી ઘણા આફ્ટર શોક્સ આવતા હોય છે. ભલે તેમની તીવ્રતા ઓછી હોય. આ કેસમાં આફ્ટર



શોક્સ નોંધાયા નથી, જેથી એના કુદરતી હોવા વિશે શંકા જાગી છે. ઈરાને તેના 'નતંઝ યુરેનિયમ સંવર્ધન સ્થળ'ની કિલ્લેબંધી મજબૂત કરી દીધી છે. એનો ઘણોબધો કારભાર ભૂગર્ભમાં ખસેડી દેવાયો છે, જેથી દુશ્મન દેશના હુમલામાં એને નુકશાન ન થાય. જોકે, ઈરાનની આ પ્રવૃત્તિ ઉપગ્રહોની આંખોએ પકડી પાડી છે. ઈરાનના આ પગલાંને પણ એના પરમાણુ પરીક્ષણ સાથે જોડવામાં આવી રહ્યું છે. સેમનાનમાં પરમાણુ પરીક્ષણ કરાયું હોવા બાબતે ઈરાને હજુ સુધી કોઈ નિવેદન જારી કર્યું નથી. એ હા તો ન જ કહે, એ સમજાય એવી વાત છે, પણ એણે ના પણ નથી પાડી, એને લીધે સંદેહ જાગે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કોઈ દેશે ન તો આ સમાચારનું ખંડન કર્યું છે, ન એની નિંદા કરી છે. સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ), અમેરિકા કે ઈઝરાયલ તરફથી પણ કોઈ પ્રતિક્રિયા નથી આવી.ઈઝરાયલ દ્વારા હિઝબુલ્લાના વડા હસન નસરલ્લાહ અને ઉગ્રવાદી સંગઠનના અન્ય કમાન્ડરોની હત્યા કરી દેવાઈ એના જવાબમાં ૧ ઓક્ટોબરના રોજ ઈરાને ઈઝરાયલ પર લગભગ ૨૦૦ મિસાઈલો છોડી હતી. ઈરાનના મિસાઈલ હુમલા બાદ એવી અટકળો ચાલી રહી છે કે ઈઝરાયલ ગમે ત્યારે ઈરાનના પરમાણુ કેન્દ્રો પર હુમલો કરી શકે છે, કારણ કે આ બાબતે ઈઝરાયલ લાંબા સમયથી ધમકી આપતું આવ્યું છે. તો શું આ જ કારણે ઈરાન વહેલી તકે પરમાણુ હથિયાર બનાવવાની કોશિશ કરી રહ્યું છે?વિશ્વભરના નિષ્ણાતો માને છે કે ઈરાન પાસે હથિયાર બનાવવા માટે પૂરતું પરમાણુ ઈંધણ નથી; તેની પરમાણુ સંપત્તિ નબળી છે.

## શ્રીલંકાને ૮૨ રને કચડીને ભારત નેટ રનરેટમાં આગળ

। દુબઈ, તા.૧૦ ।

યુએઈમાં રમાઈ રહેલા મહિલા ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં દુબઈ ખાતે બુધવારે રમાયેલી ગ્રુપ મેચમાં ભારતે શ્રીલંકા વિમેન્સને ૮૨ રને કચડીને નેટ રનરેટમાં નોંધપાત્ર સુધારો કરવાની સાથે સેમિફાઈનલની આશા જીવંત રાખી હતી. ભારતનો ટુર્નામેન્ટના ઈતિહાસમાં આ સૌથી ભવ્ય વિજય રહ્યો હતો. ભારતે સુકાની અને પ્લેયર ઓફ ધ મેચ હરમનપ્રીત કૌરની અણનમ ફિફ્ટી તથા ઓપનર સ્મૃતિ મંધાનાની અધડી સદીની મદદથી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૭૨ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જવાબમાં ચમારી અટાપટ્ટુના નેતૃત્વ હેઠળની એશિયન ચેમ્પિયન શ્રીલંકન ટીમ ૯૦ રનમાં જ સમેટાતા ભારતનો ૮૨ રને શાનદાર વિજય થયો હતો. એ ગ્રુપમાં ભારત ત્રણ પૈકી સળંગ બે મેચમાં વિજય મેળવીને +૦.૫૭૬ની નેટ રનરેટ ધરાવે છે. ગ્રુપમાં ટોચના ક્રમે રહેલા ઓસ્ટ્રેલિયા (+૨.૫૨૪) બાદ ભારત બીજા ક્રમે છે. હવે ભારત ઓસ્ટ્રેલિયાને અંતિમ ગ્રુપ મુકાબલામાં હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકશે.

## ટ્રમ્પે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી, તેમને 'શ્રેષ્ઠ વ્યક્તિ' ગણાવ્યા

। વોશિંગ્ટન, તા.૧૦ ।

યુએસ પ્રમુખપદની ચૂંટણી ૨૦૨૪: અમેરિકામાં નવેમ્બરમાં પ્રસ્તાવિત રાષ્ટ્રપતિની ચૂંટણી માટે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી, તેમને 'શ્રેષ્ઠ વ્યક્તિ' ગણાવ્યા અને કહ્યું કે તેઓ 'તેમના મિત્ર' છે પોડકાસ્ટ દરમિયાન એક પ્રશ્નના જવાબમાં ટિપ્પણીઓ, જે બુધવારે અપલોડ કરવામાં આવી હતી. તેમણે કહ્યું, "મોદી, ભારત. તે મારો મિત્ર છે. તે શ્રેષ્ઠ વ્યક્તિ છે. "પોડકાસ્ટ દરમિયાન, ટ્રમ્પે સપ્ટેમ્બર ૨૦૧૯ માં ટેક્સાસમાં આયોજિત 'હાઉડી મોદી' કાર્યક્રમને યાદ કર્યો, જ્યારે પીએમ મોદીએ હ્યુસ્ટન શહેરના ફ્ઇ૨ સ્ટેડિયમમાં ભારતીય-અમેરિકનોની વિશાળ સભાને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું, 'પીએમએ હ્યુસ્ટન, ટેક્સાસમાં 'હાઉડી મોદી' કાર્યક્રમ કર્યો હતો, હું અને મોદી ત્યાં હતા અને તે સુંદર હતું. તે લગભગ ૮૦ હજાર લોકોનો મેળાવડો હતો.આ પહેલા પીએમ મોદીના અમેરિકા પ્રવાસ પહેલા ૧૭ સપ્ટેમ્બરે મિશિગનના ફ્લિન્ટમાં એક ટાઉન હોલ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે, "મોદી આવતા અઠવાડિયે અમેરિકા આવી રહ્યા છે અને તેમને મળશે." તે એક અદ્ભુત વ્યક્તિ છે. "

### દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા

# ઔદ્યોગિક પ્રદૂષણને કાબૂમાં લેવા દિલ્હીમાં ૮૪ ફેક્ટરીઓ બંધ કરાઇ

**ઔદ્યોગિક એકમોનો વીજ પુરવઠો કાપી નાખ્યો । 'નોન-કન્ફોર્મિંગ વિસ્તારોમાં' ગેરકાયદેસર કામગીરીને નિયંત્રિત કરવાના પ્રયાસોના ભાગરૂપે કાર્યવાહી કરવામાં આવી**

। નવીદિલ્હી,તા.૧૦ ।

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન એટલે કે એમસીડીએ દિલ્હીમાં ચાલતી ૮૪ ફેક્ટરીઓ સામે મોટી કાર્યવાહી કરી છે. અહેવાલો અનુસાર, સ્ઝ્ઢ એ ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ ૮૪ ફેક્ટરીઓ બંધ કરી દીધી છે અને સમગ્ર રાજધાનીમાં અનેક ઔદ્યોગિક એકમોનો વીજ પુરવઠો કાપી નાખ્યો છે.આ વિશે માહિતી આપતા, મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક પ્રદૂષણને કાબૂમાં લેવા અને 'નોન-કન્ફોર્મિંગ વિસ્તારોમાં' ગેરકાયદેસર કામગીરીને નિયંત્રિત કરવાના પ્રયાસોના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે.એમસીડીએ સપ્ટેમ્બરમાં 'નોન-કન્ફોર્મિંગ એરિયા'માં સ્થિત ૫૨૦ ઔદ્યોગિક એકમોનું નિરીક્ષણ



કર્યું હતું. આ એવા વિસ્તારો છે જ્યાં 'ઝોનિંગ' નિયમો હેઠળ પરવાનગી મેળવ્યા બાદ ૭૦ ટકા પ્લોટનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓ માટે થાય છે. આ ૫૨૦ ઔદ્યોગિક એકમોમાંથી ૮૪ એકમો નિયત ધારાધોરણોનો ભંગ કરતા જણાયા હતા જેના કારણે તેમને બંધ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય રાજધાનીમાં ૨૭ 'નોન-કન્ફોર્મિંગ એરિયા' અથવા બિનઆયોજિત ઔદ્યોગિક વિસ્તારો છે. અધિકારીએ કહ્યું કે આ સિવાય ૭ અન્ય ઔદ્યોગિક એકમોની વીજળી પણ કાપવામાં આવી છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ જણાવ્યું કે આવી વધુ કાર્યવાહી કરવામાં આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આવનારા દિવસોમાં ખાસ કરીને ઉત્તર-પશ્ચિમ દિલ્હીના રિથાલા વિસ્તારમાં આવા વધુ મામલા સામે આવવાની સંભાવના છે.

### સરકારે જાહેર કર્યુ એલર્ટ

# રાજસ્થાનમાં કોંગો ફીવરની એન્ટ્રી, ૫૧ વર્ષની મહિલાનું મોત

**જોધપુરની રહેવાસી ૫૧ વર્ષીય મહિલા અમદાવાદની મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં સારવાર હેઠળ હતી**

। જોધપુર, તા.૧૦ ।

રાજસ્થાનના જોધપુરમાં રહેતી ૫૧ વર્ષીય મહિલાનું કોંગો ફીવરથી મોત થયું હતું. આ મામલો સામે આવ્યા બાદ રાજ્ય સરકારે નિવારણ અને રક્ષણ માટે રાજ્યભરમાં માર્ગદર્શિકા બહાર પાડી છે. કોંગો તાવ એક જીવલેણ રોગ છે, જે પ્રાણીઓથી માણસોમાં ફેલાય છે. વહીવટીતંત્રે અસરગ્રસ્ત વિસ્તારમાં ઝડપથી કાર્યવાહી કરવા સૂચના આપી છે, જેથી રોગને ફેલાતો અટકાવી શકાય.એજન્સી અનુસાર, જોધપુરની રહેવાસી ૫૧ વર્ષીય મહિલા અમદાવાદની મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં સારવાર હેઠળ હતી. મહિલા કોંગો ફીવરથી પીડિત હતી. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુણે દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં આ વાતની પુષ્ટિ થઈ છે. બુધવારે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.પબ્લિક હેલ્થ ડાયરેક્ટર ડૉ. રવિ પ્રકાશ માથુરે કહ્યું કે જોધપુરના ચીફ મેડિકલ અને હેલ્થ ઓફિસરને અસરગ્રસ્ત વિસ્તારમાં ટીમ મોકલીને નિવારક પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. આ સાથે, શંકાસ્પદ અને લક્ષણોવાળા દર્દીઓને ઓળખવા જોઈએ અને તેમને આઈસોલેશનમાં રાખવા જોઈએ. રાજ્ય સરકારે તમામ સરકારી અને ખાનગી તબીબી સંસ્થાઓને સૂચના આપી છે કે જો કોઈ દર્દીમાં કોંગો ફીવરના લક્ષણો જોવા મળે તો તેના સેમ્પલ તાત્કાલિક લઈ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવે અને આ અંગે મેડિકલ વિભાગને પણ જાણ કરવામાં આવે.આ સિવાય નાગૌરના ૨૦ વર્ષીય યુવકને જયપુરની હોસ્પિટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ



### રતન ટાટાના નિધન પર, વિશ્વભરના દિગ્ગજ ઉદ્યોગપતિઓએ તેમના હૃદયની વાત કરી

। નવી દિલ્હી, તા.૧૦ ।

દેશ અને દુનિયામાં પીઢ અને ખૂબ જ પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન રતન ટાટાના નિધનથી સમગ્ર વિશ્વમાં શોકની લહેર છે. લોકો તેમને યાદ કરીને અને તેમની સિદ્ધિઓ, તેમના વ્યક્તિત્વને યાદ કરીને ભાવુક થઈ રહ્યા છે. વિશ્વના ઘણા જાણીતા દિગ્ગજો તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. તેમના નિધન પર દેશ અને વિશ્વના ઘણા ઉદ્યોગપતિઓએ ઊંડી શોક વ્યક્ત કરી છે. માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર અને ચેરમેન બિલ ગેટ્સે પણ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું અને પ્રોફેશનલ સોશિયલ સાઈટ પર લખ્યું- રતન ટાટા એક સ્વપ્નદ્રષ્ટા નેતા હતા, જેમના જીવનને સુધારવાના સમર્પણએ ભારત અને વિશ્વ પર અમીટ છાપ છોડી દીધી હતી. મને અનેક પ્રસંગોએ તેમને મળવાનો લહાવો મળ્યો, અને હું હંમેશા તેમની માનવતાની સેવા અને ઉદ્દેશ્યની મજબૂત ભાવનાથી પ્રભાવિત થયો.

### વરિષ્ઠ ઉદ્યોગપતિ રતન ટાટાના નિધન પર અમેરિકાએ શોક વ્યક્ત કર્યો

। વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકાએ વરિષ્ઠ ઉદ્યોગપતિ રતન નવલ ટાટાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમને એવા વ્યક્તિ તરીકે યાદ કર્યા હતા જેમણે ભારતને વધુ સમૃદ્ધિ અને વિકાસ તરફ દોરી હતી. ટાટા ગ્રૂપના ભૂતપૂર્વ ચેરમેન રતન ટાટા, ૮૬, એ એક નાના સમૂહને ભારતના સૌથી મોટા અને સૌથી પ્રભાવશાળી સમૂહમાં રૂપાંતરિત કર્યું. દક્ષિણ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં બુધવારે રાત્રે તેમનું અવસાન થયું.યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (યુએસઆઈબીસી)ના અધ્યક્ષ અતુલ કેશપે જણાવ્યું કે પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા "ભારતના અનન્ય અને મહાન પુત્ર, ખાનદાની અને ઉદારતાનું પ્રતિક" હતા. ઈન્ડિયાસ્પોરાના સ્થાપક એમ.આર. રંગાસ્વામીએ કહ્યું, "ઈન્ડિયાસ્પોરા ગ્રુપ ખૂબ જ દુઃખ સાથે રતન ટાટાના નિધન પર શોક વ્યક્ત કરે છે." તેમણે પીટીઆઈને કહ્યું, "ઉદ્યોગમાં તેમના અસાધારણ યોગદાન અને સામાજિક કાર્ય પ્રત્યેની તેમની ઊંડી પ્રતિબદ્ધતાએ માત્ર ભારત પર જ નહીં પરંતુ અમીટ છાપ છોડી દીધી છે."

## હિંદુઓએ ભાષા, જાતિ અને પ્રદેશના વિવાદો ભૂલીને એક થવું પડશે : મોહન ભાગવત

। જયપુર, તા.૧૦ ।

બરાનમાં કૃષિ ઉપજ મંડી ખાતે આરએસએસ સ્વયંસેવક સંમેલનને સંબોધતા ભાગવતે કહ્યું કે આચાર અનુશાસન, રાજ્ય પ્રત્યેની ફરજ અને ધ્યેયલક્ષી ગુણો સમાજમાં જરૂરી છે. તેની સુરક્ષા માટે હિંદુ સમાજે ભાષા, જાતિ અને પ્રદેશના મતભેદો અને વિવાદો દૂર કરીને એક થવું પડશે. સમાજ એવો હોવો જોઈએ કે જેમાં સંગઠન, સદભાવ અને આત્મીયતાની લાગણી હોય.તેમણે કહ્યું કે સમાજ માત્ર મારા અને મારા પરિવારથી બનેલો નથી, પરંતુ આપણે સમગ્ર સમાજની સંભાળ રાખીને આપણા જીવનમાં ભગવાનને પ્રાપ્ત કરવાનું છે.

## અમેરિકામાં દર્દીને લઈ જઈ રહેલું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત

। ગાઝા, તા.૯ ।

અમેરિકાના કેન્ટકીમાં એક દર્દીને સારવાર માટે લઈ જઈ રહેલું મેડિકલ હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ૩ ક્રુ મેમ્બરના મોત થયા છે. કેન્ટકી સ્ટેટ પોલીસના જણાવ્યા પ્રમાણે દુર્ઘટના સોમવારે સાંજે ઓવેનટોનમાં સ્ટેટ હાઈવે-૨૨ પાસે બની હતી. આ હેલીકોપ્ટર એર ઈવેક લાઈફટીમનું માલિકીનું હતું, જેમાં ત્રણ કર્મીઓ સામેલ હતા. આ ત્રણેક મૃતકો નામ - ગેલ એલેમેન, બેથની એકેન અને જેમ્સ વેલ્શ છે. એર ઈવેક લાઈફટીમે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ કરીને જણાવ્યું કે ગ્રાન્ટ કાઉન્ટી સ્થિત ક્રૂ મેમ્બર એક દર્દીને લઈ જઈ રહ્યા હતા, ત્યારે આ દુર્ઘટના બની હતી. આ દુર્ઘટનાની પોલીસ તપાસ કરી રહી છે. સાથે જ નેશનલ ટ્રાન્સપોર્ટ સેફ્ટી બોર્ડ અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન પણ દુર્ઘટનાની તપાસ પોતાની રીતે કરી રહ્યા છે. એર ઈવેક લાઈફટીમે કહ્યું કે આ એક ખૂબ દુખદ દુર્ઘટના છે અને અમારી સંવેદાન કર્મચારીઓના પરિવારો અને મિત્રો સાથે છે. એ તપાસ દરમિયાન એફએએ અને એનટીએસબીની સાથે મળીને કામ કરશે. અમેરિકાના કેન્ટકીમાં એક દર્દીને સારવાર માટે લઈ જઈ રહેલું મેડિકલ હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું.

**નેતાઓએ પાર્ટીને બદલે પોતાનું હિત જોયુ** | **કોંગ્રેસ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં પોતાની હારનું કારણ શોધવામાં વ્યસ્ત છે**

# રાહુલ ગાંધીએ હુડ્ડા-સૈલજાનું નામ લીધા વગર ક્લાસ યોજી

। નવીદિલ્હી, તા.૧૦ ।

કોંગ્રેસ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં પોતાની હારનું કારણ શોધવામાં વ્યસ્ત છે. આજે એટલે કે ગુરુવારે પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે એક બેઠક યોજાઈ હતી, જેમાં રાહુલ ગાંધીએ પણ ભાગ લીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરમિયાન રાહુલે ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા અને કુમારી સેલજાનું નામ લીધા વિના મોટી વાત કહી. તેમણે સ્પષ્ટ કહ્યું કે નેતાઓ પક્ષને બદલે પોતાનું હિત જોતા હતા.ૅસૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, હરિયાણામાં



નેતાઓનો રસ ઊંચો રહ્યો, પાર્ટીનો હિત નીચે ગયો. રાહુલ ગાંધીએ કોઈપણ નેતાનું નામ લીધા વગર આ વાત કહી. બેઠક અંગે માહિતી આપતા કોંગ્રેસના નેતા અજય માકને કહ્યું કે પરિણામો બાદ અમે સમીક્ષા બેઠક યોજી હતી. તમામ એક્ઝિટ પોલ અમને જીત બતાવી રહ્યા હતા, અમને જીતનો વિશ્વાસ હતો. અમે હારની સમીક્ષા કરી, ઈવીએમ અને નેતાઓ વચ્ચેના મતભેદો પર પણ ચર્ચા થઈ. તે ટૂંક સમયમાં જ જણાવશે કે આગળ શું કરવાની જરૂર છે.ખડગેના ઘરે યોજાયેલી બેઠકમાં રાહુલ, કેસી વેણુગોપાલ, સુપરવાઈઝર અજય માકન, અશોક ગેહલોત હાજર હતા. ભૂપેન્દ્ર હુડ્ડા અને ઉદયભાનના નામ લિસ્ટમાં હતા, પરંતુ તે બંને આવ્યા ન હતા. તે સ્પષ્ટ નથી કે તેને અટકાવવામાં આવ્યો હતો કે રૂબરૂ આવ્યો ન હતો કે ફોન પર તેની પાસેથી માહિતી લેવામાં આવી હતી. કુમારી સેલજા અને રણદીપ સુરજેવાલાને બોલાવવામાં આવ્યા ન હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટી હારના કારણો જાણવા માટે એક કમિટી બનાવશે. ચૂંટણીમાં તેમની હાર કેમ અને કેવી રીતે થઈ તે સમિતિ શોધી કાઢશે. સમિતિમાં કોણ કોણ હશે તેની માહિતી બહાર આવી નથી.કોંગ્રેસ હાર માટે ઈફસ્ને જવાબદાર ઠેરવી રહી છે. પાર્ટીના નેતા ઉદયભાને કહ્યું છે કે ઈવીએમ હેક થયા છે. સમગ્ર રાજ્યમાં શંકા સેવાઈ રહી છે. મશીનો સીલ કરવામાં આવશે. દૂધનું દૂધ પાણીનું પાણી હોવું જોઈએ. ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું કે હરિયાણાનું પરિણામ આશ્ચર્યજનક છે. દેશનો દરેક વ્યક્તિ કહી રહ્યો હતો કે કોંગ્રેસ સરકાર

### લેબનોનમાં હિઝબુલ્લાના સ્થાનો પર ભીષણ બોમ્બ ધડાકા

# ઇઝરાયેલે લેબનોનમાં સિવિલ ડિફેન્સ સેન્ટર પર બોમ્બમારો કર્યો । પાંચ ડોકટરોના મોત

**ઇઝરાયેલ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ૫ પેરામેડિક્સ (ઇમરજન્સી પરિસ્થિતિઓની સારવાર કરતા ડોકટરો) મૃત્યુ પામ્યા છે**

। ગાઝા, તા.૧૦ ।

ઈઝરાયેલની સેના લેબનોનમાં હિઝબુલ્લાના સ્થાનો પર ભીષણ બોમ્બ ધડાકા કરી રહી છે. અત્યાર સુધી લેબનોનમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહીમાં હિઝબુલ્લાહને ભારે નુકસાન થયું છે. દરમિયાન, ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં નાગરિક સંરક્ષણ કેન્દ્ર પર હવાઈ હુમલો કર્યો છે. ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ૫ પેરામેડિક્સ (ઈમરજન્સી ૫ રિસ્થિતિઓની સારવાર કરતા ડોકટરો) મૃત્યુ પામ્યા છે.તમને જણાવી દઈએ કે છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે હમાસ અને હિઝબુલ્લાહની ૨૩૦થી વધુ જગ્યાઓને નિશાન બનાવી છે. ઈઝરાયલી દળોએ દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના ઘણા લોન્ચ પેડ્સને પણ નષ્ટ કરી દીધા છે.હાલમાં જ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ એક પ્રી-રેકોર્ડેડ વીડિયો સંદેશમાં કહ્યું હતું કે અમે હિઝબુલ્લાહની ક્ષમતાઓને ઓછી કરી દીધી છે. અમે તેના અનુગામી હસન નસરાલ્લાહ સહિત હજારો આતંકવાદીઓને મારી નાખ્યા છે. વિડિયો સંદેશમાં નેતન્યાહુએ લેબનોનના લોકોને સંબોધિત કરીને ૫ ોતાને હિઝબુલ્લાહથી મુક્ત કરવા કહ્યું. તેણે એમ પણ કહ્યું કે ઈઝરાયેલને ૫ ોતાનો બચાવ કરવાનો અધિકાર છે.આ દરમિયાન અહીં એ પણ જણાવી દઈએ કે ઈઝરાયલે ઈરાન પર ઘાતક હુમલો કરવાની તૈયારી કરી લીધી છે. આ વાતનો અંદાજ ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટના નિવેદન પરથી પણ લગાવી શકાય છે. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રીએ કહ્યું છે કે ઈરાન પર ઈઝરાયેલનો હુમલો 'ઘાતક' અને 'ચોંકાવનારો' હશે. બિડેન અને નેતન્યાહૂ વચ્ચેની વાતચીતના થોડા સમય બાદ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટે આ નિવેદન આપ્યું હતું. ગેલન્ટે કહ્યું કે ઈરાન દ્વારા તાજેતરના મિસાઈલ હુમલાનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.

### ૧૧ કાઉન્ટીના ૫૯ લાખ લોકોના ફરજિયાત સ્થળાંતરના આદેશ

# યુએસના ફ્લોરિડામાં સદીના સૌથી વિનાશજનક વાવાઝોડાનો ખતરો!!

**પ્રતિકલાક ૨૫૭ કિમી ઝડપથી આગળ વધી રહેલા આ વાવાઝોડાથી ફ્લોરિડાના દરિયાણકાંઠે ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળવાની અને નીચાણવાળા વિસ્તારોમાં વિનાશક પૂર આવવાનો ખતરો મંડરાઈ રહ્યો છે**

। ટેમ્પા, તા.૧૦।



અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાં બુધવાર સાંજે અથવા ગુરુવારે વહેલી સવારે સદીનું સૌથી મોટું મિલ્ટન નામનું તોફાની વાવાઝોડું ત્રાટકવાની શક્યતા છે. પ્રતિકલાક ૨૫૭ કિમી ઝડપથી આગળ વધી રહેલા આ વાવાઝોડાથી ફ્લોરિડાના દરિયાણકાંઠે ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળવાની અને નીચાણવાળા વિસ્તારોમાં વિનાશક પૂર આવવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. તેનાથી ટેમ્પા, સેન્ટ પીટર્સબર્ગ અને સારાસોટા સહિતના શહેરોમાં વિનાશ વેરાવાની શક્યતા છે. સત્તાવાળાઓએ લગભગ ૫૯ લાખ લોકોની કુલ વસ્તી સાથેના ફ્લોરિડાની ૧૧ કાઉન્ટીઓમાં ફરજિયાત સ્થળાંતરના આદેશો જારી કર્યા છે. અમેરિકામાં આશરે બે સપ્તાહ પછી આ બીજું વાવાઝોડું ત્રાટકી રહ્યું છે.મિલ્ટન વાવાઝોડુ ટેમ્પાથી આશરે ૩૦૦ માઈલ્સ (૪૮૦ કિમી) ઉત્તરપૂર્વે તરફ હતું અને તે ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં આગળ વધી રહ્યું છે. વાવાઝોડું લેન્ડફોલ કરે તે પછી નબળું ૫ ડશે, પરંતુ તે સમયે પણ પવનની ઝડપ આશરે પ્રતિકલાક ૧૩૦ કિમીની હશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે વાવાઝોડાને કારણે ફ્લોરિડામાં ભારે પવન સાથે મૂશળધાર વરસાદ અને અચાનક પૂર આવી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૫ ફૂટ ઊંચા મોજા પણ ઉછળી શકે છે.નેશનલ હરિકેન સેન્ટરે ચેતવણી આપી હતી કે મિલ્ટન ૫ શ્ચિમ-મધ્ય ફ્લોરિડા માટે રેકોર્ડ પરનું સૌથી વિનાશક વાવાઝોડું બનવાની શક્યતા છે. સવારે ૮ વાગ્યાના અપડેટમાં, ફ્લોરિડાના ગવર્નર ડીસેન્ટિસે જણાવ્યું હતું કે વાવાઝોડાથી કેટલું નુકસાન થશે તે ચોક્કસ નથી, પરંતુ પરંતુ તેની અસર ધારણા કરતા વધુ વ્યાપક હશે. ફ્લોરિડાના પશ્ચિમ કિનારા પરના દરેક સ્થળને ગંભીર અસર થઈ શકે છે. આ વિસ્તારને બે અઠવાડિયા પહેલા હરિકેન હેલેનથી ભારે નુકસાન થયું હતું. તે વાવાઝોડાનો ૩૦૦થી વધુ ડમ્પ ટ્રકો તૈનાત કરી ૧,૩૦૦ લોડ ભંગાર દૂર કરાયો છે.ફ્લોરિડાના પશ્ચિમી દરિયાણકાંઠાના લગભગ સમગ્ર વિસ્તારોમાં વાવાઝોડાની વોર્નિંગ જારી કરાઈ છે.

## ન્યૂઝ બ્રિફ



રાધિકા મદાન અંગ્રેઝી મીડિયમ, સફીરા, પટાખા જેવી ફિલ્મો માટે જાણીતી છે

### ઇન્ડસ્ટ્રીમાં બહારના લોકો સાથે ભેદભાવ થાય છે : રાધિકા મદાન

। મુંબઇ,તા.૧૦ ।

રાધિકા મદાન અંગ્રેઝી મીડિયમ, સફીરા, પટાખા જેવી ફિલ્મો માટે જાણીતી છે. તેઓ શીખવા માટે વધુ ૨-૩ ફિલ્મો મેળવે છે અને પછી કહે છે, 'હવે તમે શીખી શકશો, જુઓ ત્યાં સુધારો છે'. (તેની પાસેથી શીખવા માટે ઘણી ફિલ્મો મળે છે અને લોકો દરેક ફિલ્મમાં સુધારો કરવા માટે તેની પીઠ પર થપથપાવે છે.) દરેક અન્ય ઉદ્યોગની જેમ, અહીં પણ આવું થાય છે. જો કે, તેણે કહ્યું કે 'સ્ટાર કિડ'ને ૨-૩ ફિલ્મોમાં કામ કરવાનો ફાયદો છે, ૫ છી ભલે તે તેની પ્રથમ ફિલ્મમાં સારો દેખાવ ન કરી શક્યો હોય.જે લોકો પહેલાથી ઉદ્યોગ સાથે જોડાયેલા નથી. તેમની સાથે અલગ રીતે સારવાર કરવામાં આવે છે. ઈન્ડસ્ટ્રીની બહારના હોવા અંગે રાધિકા મદાને કહ્યું કે અમારા જેવા લોકો જે ઈન્ડસ્ટ્રીની બહારથી આવે છે તેમની સાથે અલગ વ્યવહાર કરવામાં આવે છે. તેમને કહેવામાં આવે છે કે 'તમે અભિનય કરી શકતા નથી, અમે તમને તક આપી છે, તમે બહાર છો.'



### કાયદાકીય મુશ્કેલીમાં ફસાઈ અભિનેત્રી શિલ્પા શેટ્ટી,કોર્ટમાં કેસ નોંધાયો

। મુઝફ્ફરપુર, તા.૧૦ ।

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી ફરી એકવાર મુશ્કેલીમાં છે. તેની સામે મુઝફ્ફરપુર સીજેએમ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદ ચાર લોકો સામે કરવામાં આવી છે. આ મામલામાં સુનાવણી ૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ થશે. તેમના પર સામાન્ય લોકોની સુવિધામાં અવરોધ ઉભો કરવાનો આરોપ છે. શિલ્પા શેટ્ટીએ રવિવારે સાંજે કલ્યાણ જ્વેલરીની ઓપનિંગ સેરેમનીમાં હાજરી આપી હતી. આ ઘટના કલામ બાગ ચોક પાસે હતી. જ્યાં શિલ્પા શેટ્ટી ગેસ્ટ તરીકે પહોંચી હતી. આવી સ્થિતિમાં રોડની બંને બાજુ ભારે ભીડ ઉભી થઈ ગઈ હતી. પરિણામે સામાન્ય લોકોને ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. ફરિયાદ દાખલ કરનાર એડવોકેટ સુધીર કુમાર ઓઝાએ જણાવ્યું હતું કે આવા ખાનગી કાર્યક્રમને કારણે કલાકો સુધી રોડ પર ટ્રાફિક જામ રહેતો હતો. સામાન્ય લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## સીએમ આતિષી ઘરના સોફા પરથી સરકાર ચલાવી રહ્યા છે

। નવીદિલ્હી, તા.૧૦ ।

દિલ્હીમાં મુખ્યપ્રધાનના નિવાસસ્થાનને લઈને દિલ્હીની આમ આદમી પાર્ટી (આપ) સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર બન્યો છે. મુખ્યમંત્રી આતિશીનું સીએમ આવાસ ખાલી થયા બાદ ભાજપ પર કટાક્ષ કરતા આપે કહ્યું કે નવરાત્રિ દરમિયાન ઘરની બહાર ફેંકાઈ ગયેલી મહિલા મુખ્યમંત્રીનો સામાન જુઓ અને દિલ્હીના લોકો પ્રત્યેનું તેમનું સમર્પણ પણ જુઓ. સીએમઓ તરફથી કહેવામાં આવ્યું છે કે બીજેપીના કહેવા પર દિલ્હીના મુખ્યપ્રધાન આવાસને બળજબરીથી ખાલી કરાવવામાં આવ્યું છે.આમ આદમી પાર્ટીના નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સીએમ આતિષીની કેટલીક તસવીરો શેર કરી અને કહ્યું, "ભાજપના લોકો જુઓ! તમે એક ચૂંટાયેલા સીએમ પાસેથી દિલ્હીની જનતાએ આપેલું ઘર છીનવી લીધું, પરંતુ તમે દિલ્હીના લોકો માટે કામ કરવાનો તેમનો જુસ્સો કેવી રીતે છીનવી શકશો?તેમણે આગળ કહ્યું, "તમે નવરાત્રિ દરમિયાન એક મહિલા મુખ્યમંત્રીના ઘરનો સામાન તેમના ઘરેથી ફેંકી દીધો અને દિલ્હીના લોકો માટે તેમનું સમર્પણ પણ જુઓ."

### હરિયાણામાં ગેહલોત-પાયલોટ નિષ્ફળ

## રાજસ્થાનમાં કોંગ્રેસને ડર લાગવા લાગ્યો, હવે માન દાવ પર લાગશે!

**ઇઝરાયેલી સેના દ્વારા દમાસ્કસમાં રહેણાંક મકાન પર હવાઈ હુમલો કરવામાં આવ્યો છે**

। જયપુર, તા.૧૦ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામોએ કોંગ્રેસને ચિંતામાં મૂકી દીધી છે. પાર્ટીના ટોચના નેતૃત્વ સહિત તમામ નેતાઓને પૂરો વિશ્વાસ હતો કે આ વખતે હરિયાણામાં ટેબલો પલટાઈ જશે. મતદાન બાદ આવેલા એક્ઝિટ પોલમાં પણ કોંગ્રેસ આગળ હોવાનું દર્શાવવામાં આવતા કોંગ્રેસના નેતાઓ ઉત્સાહિત થયા હતા, પરંતુ ચૂંટણીના પરિણામોએ કોંગ્રેસનો તમામ ઉત્સાહ અને ઉત્સાહ બરબાદ કરી દીધો હતો. ભાજપે હરિયાણા વિધાનસભામાં કુલ ૯૦ બેઠકો સાથે સંપૂર્ણ બહુમતી મેળવી અને સતત ત્રીજી વખત સત્તા જાળવી રાખવામાં સફળ રહી. હરિયાણા રાજસ્થાનનું સરહદી રાજ્ય હોવાથી. હરિયાણાની ચૂંટણીમાં અશોક ગેહલોત, સચિન પાયલટ, ટીકારામ જુલી, ગોવિંદ સિંહ દોતાસરા સહિત રાજસ્થાનમાંથી લગભગ ૫૦ નેતાઓની ફોજ મેદાનમાં ઉતારવામાં આવી હતી. ચૂંટણીના પરિણામો નેગેટિવ આવતા કોંગ્રેસના નેતાઓ ચિંતાતુર બન્યા હતા.હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં રાજસ્થાનમાંથી કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. જેમાં ઘણા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીઓ સાથે ૬ સાંસદો અને એક ડઝનથી વધુ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. રાજનીતિના જાદુગર તરીકે જાણીતા અશોક ગેહલોત લાંબા સમયથી બીમાર હતા. ચૂંટણીના દિવસોમાં તેમની તબિયતમાં સુધારો થયો હતો અને તેઓ પ્રચાર માટે પણ ગયા હતા. તેજલ સુપર ડુપર ફેમ અને પીસીસી ચીફ ગોવિંદ સિંહ દોતાસરા અને ભૂતપ ૂર્વ ડેપ્યુટી સીએમ સચિન પાયલટે પણ ડઝનેક મીટિંગ્સ કરી હતી.

### દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ

# રતનટાટાના અંતિમ સંસ્કાર રાજકીય સમ્માન સાથે વર્લીના સ્મશાન ગૃહમાં કરવામાં આવ્યા

**રતન ટાટાએ માર્ચ ૧૯૯૧થી ડિસેમ્બર ૨૦૧૨ સુધી ટાટા સન્સના ચેરમેન તરીકે ટાટા ગ્રુપનું નેતૃત્વ કર્યું હતું, મુંબઈની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા**

। નવીદિલ્હી,તા.૧૦ ।

દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ રતનટાટાનું ૮૬ વર્ષની વયે મુંબઈમાં નિધન થયું છે, તેમને મુંબઈની હોસ્પિ ટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. કહેવાય છે કે રતન ટાટા મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા. તમને જણાવી દઈએ કે રતન ટાટાએ માર્ચ ૧૯૯૧થી ડિસેમ્બર ૨૦૧૨ સુધી ટાટા સન્સના ચેરમેન તરીકે ટાટા ગ્રુપનું નેતૃત્વ કર્યું હતું.આ ૫ હેલા ગયા સોમવારે રતન ટાટાની તબિયત ખરાબ હોવાના અહેવાલો આવ્યા હતા. કહેવાય છે કે રતન ટાટા મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ગઈકાલે મોડી રાત્રા તેમનું નિધન થયું હતું તેમના નિધનના સમાચારથી સમગ્ર દેશમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી રતન ટાટાના અંતિમ સંસ્કાર આજે મુંબઈના વર્લી સ્મશાન




ઘાટ પર કરવામાં આવ્યા હતાં. તેમના અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતાં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશની અનેક ઔદ્યોગિક હસ્તીઓએ પણ શોક વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે પદ્મ વિભૂષણ અને પદ્મ ભૂષણ પુરસ્કાર મેળવનાર રતન ટાટાના દુઃખદ અવસાનથી ભારતે એક પ્રતિક ગુમાવ્યું છે જેણે કોર્પોરેટ વિકાસને રાષ્ટ્ર નિર્માણ અને નૈતિકતા સાથે શ્રેષ્ઠતાનું મિશ્રણ કર્યું હતું. તેમણે ટાટાના મહાન વારસાને આગળ વધાર્યો અને તેને વધુ પ્રભાવશાળી વૈશ્વિક હાજરી આપી. તે અનુભવી વ્યાવસાયિકો અને યુવા વિદ્યાર્થીઓને એકસરખું પ્રેરણા આપે છે. પરોપ કારમાં તેમનું યોગદાન અમૂલ્ય છે. હું તેમના પરિવાર, ટાટા ગ્રૂપની સમગ્ર ટીમ અને વિશ્વભરમાં તેમના પ્રશંસકો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું.

## ભારતના વિરોધ બાદ બ્રિટનમાં નાગાની ખોપરીની હરાજી અટકી

। યુકે, તા.૧૦ ।

યુકેના એક ઓક્શન હાઉસે બુધવારે તેની 'નાગા મેન સ્કલ'ને તેની 'લાઈવ ઓનલાઈન સેલ' લિસ્ટમાંથી હટાવી દીધી છે. આ મુદ્દે ભારતના વિરોધ બાદ તેણે આ પગલું ભર્યું હતું. ટેસ્ટવર્થ, ઓક્સફોર્ડશાયરમાં સ્વાન ઓક્શન હાઉસ તેના 'ધ ક્યુરિયસ કલેક્ટર્સ સેલ, એન્ટિક્વેરીયન બુક્સ, મેન્યુસ્ક્રિપ્ટ્સ એન્ડ પેઈન્ટિંગ્સ'ના ભાગરૂપે વિશ્વભરમાંથી કંકાલ અને અન્ય અવશેષોનો સંગ્રહ ધરાવે છે.'૧૯મી સદીના શિંગડાવાળા નાગા માનવ ખોપરી, નાગા જનજાતિ' લોટ નંબર ૬૪ પર વેચાણ માટે સૂચિબદ્ધ હતી. નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયુ રિયોએ તેના વેચાણનો વિરોધ કર્યો હતો.

## ભાજપની જીતમાં કોંગ્રેસના નેતાઓની ભૂમિકા હતી : વીરેન્દ્ર રાઠોડ

। કરનાલ, તા.૧૦ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હાર બાદ ૫ ાર્ટીમાં આંતરિક જૂથવાદ અને વિભાજનના ૫ ડ ધીમે ધીમે ખુલવા લાગ્યા છે. ઘરૌંડાના કોંગ્રેસના ઉમેદવાર વીરેન્દ્ર સિંહ રાઠોડે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ખુલાસો કર્યો હતો કે તેમની હારમાં ભાજપ સિવાય કોંગ્રેસના કેટલાક નેતાઓનો પણ હાથ હતો. રાઠોડે કોંગ્રેસના ત્રણ અગ્રણી નેતાઓ, ભૂતપૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર સાંગવાન, ભૂપ્પી લાથેર અને રઘબીર સંધુ પર ભાજપને સમર્થન આપવા અને કોંગ્રેસને હરાવવાનું કાવતરું કરવાનો આરોપ મૂક્યો છે.રાઠોડે સ્પષ્ટ કહ્યું કે, જો આ ત્રણેય નેતાઓ કોંગ્રેસમાં રહેશે તો હું કોંગ્રેસ છોડી દઈશ. તેમણે વધુમાં કહ્યું કે કોંગ્રેસની હારનું મુખ્ય કારણ ઈવીએમની ગણતરીમાં ગોટાળા તેમજ પાર્ટીની અંદર વિશ્વાસઘાત છે.રાઠોડે મતગણતરી પ્રક્રિયા પર પણ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે મતગણતરી દરમિયાન ઘણી ગેરરીતિઓ ધ્યાનમાં આવી હતી, જેની સામે તેમણે ત્રણ અરજીઓ દાખલ કરી છે. તેની પ્રથમ ફરિયાદ મોબાઈલ ફોન અંગેની હતી.

### ઇઝરાયેલ એકસાથે અનેક મોરચે લડી રહ્યું છે

### ઈઝરાયેલ પણ છેલ્લા ઘણા દિવસોથી હિઝબુલ્લાહની ઘણી જગ્યાઓ પર સતત હુમલા કરી રહ્યું છે, આ હુમલાઓમાં હિઝબુલ્લાના વડા સહિત તેના ઘણા કમાન્ડર માર્યા ગયા

# ઈઝરાયેલના આતંકને કારણે આખું શહેર નિર્જન થઈ ગયું । ૭ લાખ લોકોએ ઘર છોડ્યું

। બેરુત, તા.૧૦ ।



આ દિવસોમાં ઈઝરાયેલ એકસાથે અનેક મોરચે લડી રહ્યું છે. આમાંથી એક મોરચે તે લેબનીઝ આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહ સાથે સીધી સ્પ ર્ધામાં છે. ઈઝરાયેલ પણ છેલ્લા ઘણા દિવસોથી હિઝબુલ્લાહની ઘણી જગ્યાઓ પર સતત હુમલા કરી રહ્યું છે. આ હુમલાઓમાં હિઝબુલ્લાના વડા સહિત તેના ઘણા કમાન્ડર માર્યા ગયા છે. ઈઝરાયેલ હાલમાં જે લેબનીઝ શહેરોને સૌથી વધુ નિશાન બનાવી રહ્યું છે તે બેરૂત છે. ઈઝરાયલના પીએમ પણ થોડા દિવસો પહેલા લેબેનોનને ચેતવણી આપી ચૂક્યા છે. ઈઝરાયેલના પીએમએ લેબનીઝ સરકારને કહ્યું છે કે જો તે સામાન્ય લોકોની સુરક્ષા ઈચ્છતી હોય તો હિઝબુલ્લાહને દેશની બહારનો રસ્તો બતાવે. બેરૂત અને આસપાસના વિસ્તારોમાં ઈઝરાયેલના હુમલાને કારણે સ્થિતિ વધુ વણસી ગઈ છે. દ્રહ્ફ સંવાદદાતા મોહમ્મદ ગઝાલી પણ આ દિવસોમાં બેરૂતમાં છે અને ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કવર કરી રહ્યા છે. મોહમ્મદ ગઝાલીએ ગુરુવારે બેરૂતથી એક ઓડિયો સંદેશ દ્વારા અમને જણાવવાનો પ્રયાસ કર્યો કે ત્યાંની વર્તમાન પરિસ્થિતિ કેવી છે.મોહમ્મદ ગઝાલીએ કહ્યું કે બેરૂત અને આસપાસના શહેરોમાં ઈઝરાયેલના હુમલા ચાલુ છે. લેબનોનમાં આવું જ એક શહેર છે દહીયે. આ એક પહાડી વિસ્તાર છે જ્યાં થોડા સમય પહેલા સાત લાખ લોકો રહેતા હતા. પરંતુ હવે આ આખું શહેર સાવ ખાલી થઈ ગયું છે. ઈઝરાયલના વધતા જતા હુમલાઓને જોઈને બધા આ શહેર છોડીને ચાલ્યા ગયા છે.ઈઝરાયેલ દક્ષિણ લેબેનોનના ઘણા શહેરો પર પણ સતત હુમલા કરી રહ્યું છે. પરંતુ આ શહેરો પર થયેલા બોમ્બ વિસ્ફોટોને જોતા એવું લાગે છે કે હુમલા માટે એક પેટર્ન તૈયાર કરવામાં આવી છે.

**હરિયાણા સરકારની તૈયારી** | **ઓમર અબ્દુલ્લા નેશનલ કોન્ફરન્સ લેજિસ્લેચર પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા, સરકારની રચના માટે દાવો રજૂ કરશે**

# હરિયાણામાં ત્રીજી વખત ભાજપની સરકાર ૧૨ ઓક્ટોબરે શપથ ગ્રહણ

। નવીદિલ્હી, તા.૧૦ ।



હરિયાણામાં ત્રીજી વખત ભાજપની સરકાર બનવા જઈ રહી છે. બુધવારે સીએમ નાયબ સિંહ સૈની દિલ્હીમાં પીએમ મોદીને મળ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર તેમની ત્રીજી ટર્મને મંજૂરી મળી ગઈ છે. હરિયાણામાં ૧૨ ઓક્ટોબરે નવી સરકાર શપથ લેવા જઈ રહી છે. સમારોહને લઈને ઉત્તેજના વધી ગઈ છે. હરિયાણા સરકારના ડાયરેક્ટર ઓફ ટ્રાન્સપોર્ટ દ્વારા તમામ જિલ્લાના રોડવેઝ જનરલ મેનેજરોને એક પત્ર લખવામાં આવ્યો છે કે ૧૨ ઓક્ટોબરે પંચકુલામાં હરિયાણાના મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવશે.આ સમારોહમાં સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં લોકોને લાવવા માટે હરિયાણા રોડવેઝ દ્વારા બસો ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. હરિયાણામાં ત્રીજી વખત જરૂરિયાત મુજબ બસો સરકારના શપથગ્રહણ પહેલા ધારાસભ્યોની બેઠક યોજાશે. રાજ્યના જ્ઞાતિ સમીકર હરિયાણાની નવી સરકારમાં નાયબ સિંહ સૈની સહિત વધુમાં વધુ ૧૪ મંત્રીઓ હોઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નાયબ સૈની ફરીથી સીએમ બનશે. હરિયાણામાં ૧૩ જગ્યાઓ ખાલી છે, જેના માટે ભાજપ ૧૧ નવા ચહેરાઓને શોધી રહી છે, કારણ કે માત્ર મહિપાલ ધાંડા અને મૂળચંદ શર્મા તેમની સીટ બચાવવામાં સફળ રહ્યા હતા, બાકીના તમામ મંત્રીઓ ચૂંટણી હારી ગયા હતા. હરિયાણાની નવી સરકારમાં જ્ઞાતિ સમીકરણો અને સમુદાયો વચ્ચે સંતુલન સાધવું ભાજપ માટે આસાન નહીં હોય. જો કે છેલ્લા કેટલાક દિવસોમાં પાર્ટીએ આ કામ સફળતાપૂર્વક કર્યું છે. હરિયાણામાં પણ ભાજપ છત્તીસગઢ જેવી રણનીતિ અપનાવી શકે છે. અહીં ભાજપના ૯ દલિત, ૮ પંજાબી, ૭ બ્રાહ્મણ, ૬-૬ જાટ અને યાદવ ધારાસભ્યો છે.




**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya